

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 119
Dt.: 06-03-2026, Friday
Page:04
Rs.00.50 paisa


યુદ્ધથી ઉકેલ નહીં આવે : વડાપ્રધાન મોદી

# મિડલ ઈસ્ટ સંઘર્ષ અંગે મોદીની શાંતિ અને સંવાદની અપીલ

## નવી દિલ્હીમાં વડાપ્રધાન મોદી અને ફિનલેન્ડના રાષ્ટ્રપતિ અલેકઝાન્ડર સ્ટબ વચ્ચે બેઠક યોજાઈ: વેપાર, ટેકનોલોજી અને વૈશ્વિક સહકાર અંગે ચર્ચા કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફિનલેન્ડના રાષ્ટ્રપતિ **Alexander Stubb** વચ્ચે નવી દિલ્હીમાં સ્થિત હૈદરાબાદ હાઉસ ખાતે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે સહકાર વધારવા માટે અનેક મહત્વપૂર્ણ સમજુતી કરારોનું આપલે કરવામાં આવ્યું હતું. બેઠક પૂર્ણ થયા બાદ બંને નેતાઓએ સંયુક્ત પત્રકાર પરિષદમાં વિશ્વ પરિસ્થિતિ, દ્વિપક્ષીય સંબંધો અને વૈશ્વિક સહકાર અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

સંયુક્ત સંબોધનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે આજની દુનિયા અસ્થીરતા અને અનિશ્ચિતતાના સમયમાંથી પસાર થઈ રહી છે. તેમણે જણાવ્યું કે યુક્રેનથી લઈને પશ્ચિમ એશિયા સુધી વિશ્વના ઘણા વિસ્તારોમાં સંઘર્ષ ચાલુ છે. આવા વૈશ્વિક પરિસ્થિતિમાં ભારત અને યુરોપ જેવી બે મહત્વપૂર્ણ રાજનૈતિક શક્તિઓ વચ્ચે વધતું સહકાર વિશ્વમાં સ્થિરતા, વિકાસ અને સહભાગી સમૃદ્ધિને નવી દિશા આપી શકે છે. તો સાથે સાથે મિડલ ઈસ્ટ યુદ્ધ પર વડાપ્રધાન મોદીએ શાંતિ અને સંવાદની અપીલ કરી હતી અને કહ્યું હતું કે, યુદ્ધથી ઉકેલ નહીં આવે.

વડાપ્રધાને વૈશ્વિક પડકારોનો સામનો કરવા માટે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં સુધારાને અતિ આવશ્યક ગણાવ્યા હતા અને આતંકવાદના દરેક સ્વરૂપને જડમૂળથી ઉખેડી ફેંકવાની ભારતની પ્રતિબદ્ધતા દોહરાવી હતી. ભારત અને ફિનલેન્ડ વચ્ચેના સંબંધોને નવી ઊંચાઈએ લઈ જવાની વાત કરતા તેમણે કહ્યું કે, આ ભાગીદારી **AI**થી લઈને **6G** ટેલિકોમ અને ક્લીન એનર્જીથી લઈને ક્વોન્ટમ કમ્પ્યુટિંગ સુધીના હાઈટેક ક્ષેત્રોમાં સહયોગને નવી ગતિ આપશે. વડાપ્રધાન મોદીએ વધુમાં જણાવ્યું કે વર્ષ ૨૦૨૬ની શરૂઆતમાં ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે ઐતિહાસિક મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ કરાર ભારત અને ફિનલેન્ડ વચ્ચે વેપાર, રોકાણ અને ટેકનોલોજી સહકારને વધુ મજબૂત બનાવશે. તેમણે કહ્યું કે ડિજિટલ ટેકનોલોજી, આધુનિક ઢાંચાગત વિકાસ અને ટકાઉ વિકાસ જેવા ક્ષેત્રોમાં બંને દેશો મહત્વપૂર્ણ ભાગીદાર બની રહ્યા છે.

બેઠક દરમિયાન બંને દેશોએ નવી ટેકનોલોજી, નવીનતા, સ્વચ્છ ઊર્જા, સંશોધન અને શિક્ષણ ક્ષેત્રે સહકાર વધારવા પર પણ ચર્ચા કરી હતી. બંને નેતાઓએ વિશ્વમાં વધી રહેલા ભૂરાજકીય પડકારો વચ્ચે સહયોગ વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

ફિનલેન્ડના રાષ્ટ્રપતિ અલેકઝાન્ડર સ્ટબએ પોતાના સંબોધનમાં ભારતની પ્રશંસા કરતાં જણાવ્યું કે ભારત વિશ્વના સૌથી મોટા અને પ્રભાવશાળી દેશોમાંનું એક છે. તેમણે કહ્યું કે ભારત વિશ્વનું સૌથી મોટું લોકશાહી દેશ છે અને યુરોપ માટે એક મહત્વપૂર્ણ વ્યૂહાત્મક ભાગીદાર બની ગયું છે. તેમણે ઉમેર્યું કે ભારતની વિદેશ નીતિ, સુરક્ષા નીતિ અને વેપાર નીતિ વૈશ્વિક સ્તરે અત્યંત મહત્વપૂર્ણ બની ગઈ છે.

રાષ્ટ્રપતિ સ્ટબએ વધુમાં જણાવ્યું કે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંનું એક છે અને તેનો વિકાસ દરેક ક્ષેત્રમાં સ્પષ્ટપણે જોવા મળી રહ્યો છે. તેમણે જણાવ્યું કે ભારતની વિદેશ નીતિનો સૌથી પ્રશંસનીય પાસો એ છે કે ભારત હંમેશા વ્યવહારુ અને વાસ્તવવાદી દષ્ટિકોણ અપનાવે છે. ભારતે વિશ્વને બતાવ્યું છે કે વ્યૂહાત્મક સતર્કતા અને સ્વાયત્તતા જાળવવી કેટલી મહત્વપૂર્ણ છે, સાથે સાથે બહુપક્ષીય સહકાર અને વૈશ્વિક ભાગીદારીને પણ પ્રોત્સાહન આપવું જરૂરી છે.



તેમણે પોતાના નિવેદનમાં જણાવ્યું કે આજના સમયમાં વિશ્વના ઘણા દેશોએ ભારતની નીતિઓમાંથી શીખવાની જરૂર છે. તેમના જણાવ્યા મુજબ ભારતે વૈશ્વિક રાજનૈતિક પરિસ્થિતિમાં સંતુલિત અને વ્યૂહાત્મક અભિગમ અપનાવીને વિશ્વમાં મહત્વપૂર્ણ સ્થાન બનાવ્યું છે. ભારત અને ફિનલેન્ડ વચ્ચે વધતો સહકાર બંને દેશો માટે નવી તકો ઉભી કરી રહ્યો છે. ટેકનોલોજી, નવોચાર, વેપાર અને વૈશ્વિક રાજનૈતિક સહકારના ક્ષેત્રોમાં આ ભાગીદારી આગામી વર્ષોમાં વધુ મજબૂત બનવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

હવાઈ મુસાફરી પર મિડલ ઈસ્ટના યુદ્ધનું ગ્રહણ

# ભારતમાં ૧૮૦ ફ્લાઈટ્સ રદ, મુસાફરો મુશ્કેલીમાં

## બેંગલુરુ અને કોલકાતામાં અનુક્રમે ૩૪ અને ૫ થી વધુ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મધ્ય પૂર્વમાં અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધી રહેલા સૈન્ય સંઘર્ષની સીધી અસર હવે વૈશ્વિક હવાઈ મુસાફરી પર જોવા મળી રહી છે. અનેક દેશોએ પોતાના એરસ્પેસ (હવાઈ માર્ગો) બંધ કરી દેતા ભારત સહિત દુનિયાભરમાં ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે, જેના કારણે હજારો મુસાફરો અટવાયા છે.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધ અને એરસ્પેસ પ્રતિબંધોને કારણે ૪ માર્ચના રોજ ભારતના મુખ્ય એરપોર્ટ્સ પરથી આશરે ૧૮૦ ફ્લાઈટ્સ રદ કરવી પડી હતી.

મુંબઈ એરપોર્ટઃ સૌથી વધુ ૯૩ ફ્લાઈટ્સ રદ થઈ (૪૮ ડિપાર્ચર અને ૪૫ અરાઈવલ).

દિલ્હી એરપોર્ટઃ કુલ ૫૨ ફ્લાઈટ્સ પ્રભાવિત થઈ.

બેંગલુરુ અને કોલકાતાઃ અનુક્રમે ૩૪ અને ૫ થી વધુ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી.

ઈન્ડિગો એરલાઈન્સે જણાવ્યું છે કે ૨૮ ફેબ્રુઆરીથી ૩ માર્ચ વચ્ચે તેમની ૫૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ થઈ છે. એર ઈન્ડિયાએ મધ્ય પૂર્વના મોટાભાગના રૂટ્સ પરની ફ્લાઈટ્સ ૫ માર્ચ ૨૦૨૬ની રાત્રે ૧૧:૫૯ વાગ્યા સુધી સ્થગિત કરી દીધી છે. જોકે, ફસાયેલા મુસાફરોને પાછા લાવવા માટે એર ઈન્ડિયા દ્વારા મુંબઈ-દુબઈ-દિલ્હી રૂટ પર મોટા ૭૭૭ વિમાન સાથે વધારાની ફ્લાઈટ ચલાવવાની યોજના છે. આ ઉપરાંત જેદ્દાહ માટેની કેટલીક ફ્લાઈટ્સ ૫ માર્ચથી ફરી શરૂ કરવામાં આવશે.

આંતરરાષ્ટ્રીય એરપોર્ટ્સ અને વિદેશી એડવાઈઝરી

કતરઃ દોહામાં ભારતીય દૂતાવાસે જણાવ્યું છે કે એરસ્પેસ બંધ હોવાથી હમાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી તમામ ફ્લાઈટ્સ અસ્થાયી રૂપે સ્થગિત છે.

**UAE** નો મોટો નિર્ણયઃ ફ્લાઈટ રદ થવાને કારણે સમયસર દેશ ન છોડી શકનારા મુસાફરો માટે **UAE** સરકારે 'ઓવરસ્ટે પેનલ્ટી' (દંડ) માફ કરી દીધી છે.

બ્રિટન અને અમેરિકાઃ બ્રિટનની ચાર્ટર્ડ ફ્લાઈટ ઉડી શકી નથી, જ્યારે અમેરિકા તેના નાગરિકોને બહાર કાઢવા માટે વિશેષ ચાર્ટર્ડ ફ્લાઈટ્સની વ્યવસ્થા કરી રહ્યું છે. આ સંઘર્ષમાં અત્યાર સુધીમાં ઈરાનમાં ૧,૦૦૦ થી વધુ, લેબનાનમાં ૬૦ અને ઈઝરાયલમાં ૧૨ જેટલા લોકોના મોત થયા છે. આ જંગમાં અમેરિકાના ૬ સૈનિકોએ પણ જીવ ગુમાવ્યા છે. ઈઝરાયલે અત્યાર સુધીમાં ઈરાન પર હજારો બોમ્બ ઝીંક્યા હોવાથી સ્થિતિ વધુ વણસી રહી છે.

# ઈરાને હવે અઝરબૈજાન પર ડ્રોન હુમલા કરીને યુદ્ધનો વ્યાપ વધાર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)અઝરબૈજાન

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભીષણ જંગની આગ હવે પાડોશી દેશો સુધી પ્રસરી રહી છે. અમેરિકા અને ઈઝરાયલ સામેના સંઘર્ષ વચ્ચે ઈરાને હવે અઝરબૈજાન પર ડ્રોન હુમલા કરીને યુદ્ધનો વ્યાપ વધારી દીધો છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, ૫ માર્ચના રોજ બપોરના સમયે ઈરાની વિસ્તારમાંથી બે ડ્રોન લોન્ચ કરવામાં આવ્યા હતા, જેણે અઝરબૈજાનના વ્યૂહાત્મક રીતે સંવેદનશીલ ગણાતા નખચિવન ઈન્ટરનેશનલ એરપોર્ટને નિશાન બનાવ્યું હતું. આ હુમલામાં એરપોર્ટની ટર્મિનલ બિલ્ડિંગને ભારે નુકસાન થયું છે અને ત્યાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ સિવાય એક ડ્રોન રહેણાંક વિસ્તારની સ્કૂલ પાસે પડતા સામાન્ય નાગરિકો ઘાયલ થયા હોવાના સમાચાર છે.

અઝરબૈજાને આ હુમલાની કડક શબ્દોમાં નિંદા કરતા તેને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન ગણાવ્યું છે. આ ઘટના બાદ અઝરબૈજાન સરકારે ઈરાનના રાજદૂત મૌજતબા ડરમચિલુને સમન્સ પાઠવીને પોતાનો સખત વિરોધ નોંધાવ્યો છે. અઝરબૈજાને સ્પષ્ટ ચીમકી આપી છે કે તેઓ આ હુમલાનો જવાબ આપવાનો સંપૂર્ણ અધિકાર ધરાવે છે. ઓનલાઈન વાઈરલ થયેલા વીડિયોમાં એરપોર્ટ પર થયેલા જોરદાર ધડાકા અને ફ્લેશ જોઈ શકાય છે. નિષ્ણાતો માની રહ્યા છે કે અમેરિકા અને ઈઝરાયલ સાથેના તણાવ વચ્ચે ઈરાન હવે આ ક્ષેત્રના અન્ય દેશોને પણ નિશાન બનાવીને પોતાની તાકાત બતાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. મહત્ત્વની વાત એ છે કે અઝરબૈજાન આંતરરાષ્ટ્રીય મોરચે હંમેશા પાકિસ્તાનનો સાથ આપે છે અને કાશ્મીર મુદ્દે ભારત વિરોધી નિવેદનો આપતું રહ્યું છે. અઝરબૈજાન, તૂર્કિયે અને પાકિસ્તાન વચ્ચેનું ગઠબંધન ભારત માટે ચિંતાનો વિષય છે. નખચિવન વિસ્તાર ઈરાન, તૂર્કિયે અને આર્મેનિયાની સરહદો સાથે જોડાયેલો હોવાથી ત્યાં થયેલો આ હુમલો દક્ષિણ કાકેશસ ક્ષેત્રની સુરક્ષા માટે મોટો ખતરો સાબિત થઈ શકે છે. ઈરાનના આ આક્રમક પગલાથી હવે આ વિસ્તારમાં પણ યુદ્ધ ફાટી નીકળવાની દહેશત વધી ગઈ છે.


અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર




રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત માર્ચ – ૨૦૨૬ માસના **વિનામૂલ્યે** અનાજ વિતરણની જાણકારી

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ માટે |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. | |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. | |

માર્ચ –૨૦૨૬ માસમાં રાજ્ય સરકાર દ્વારા તુવેર દાળ, ચણા, ખાંડ, અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./ લિટર |
|---|---|---|---|---|
| ૧ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹૫૦ |
| ૨ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹૩૦ |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹૧૫ |
| | | | ૩ થી વધુ વ્યક્તિ દીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | |
| | | બીપીએલ કુટુંબો | વ્યક્તિ દીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ₹૨૨ |
| ૪ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹ ૧ |

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ મળવાપાત્ર અનાજ એ ગરીબ પરિવારો માટે માત્ર રાશન નથી, પણ તેમના સન્માનજનક જીવનનો આધાર છે. જન-જનની અન્ન સુરક્ષા માટે આપણી સરકાર સંકલ્પબદ્ધ છે."

**શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

**શ્રી રમણભાઈ સોલંકી**
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.


ખાલિસ્તાનીઓ પર શંકાની સોય

# કેનેડામાં ફેમસ યુટ્યુબર નેન્સી ગ્રેવાલની હત્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)કેનેડા

કેનેડાના લા સેલ વિસ્તારમાં પંજાબી મૂળની પ્રખ્યાત યુટ્યુબર નેન્સી ગ્રેવાલની હત્યા કરી દેવાઈ છે. નેન્સી ગ્રેવાલ કેનેડાના પૂર્વ વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડો અને ખાલિસ્તાની તત્વોની કટ્ટર ટીકાકાર તરીકે જાણીતા હતા. મંગળવારે રાત્રે બનેલી આ ઘટનામાં હુમલાખોરોએ તેમને ચપ્પુના ઘા ઝીંકી લોહીલુહાણ કરી દીધા હતા. જેના કારણે હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

નેન્સી ગ્રેવાલ સોશિયલ મીડિયા પર પોતાની નીડર અને તીખી ટિપ્પણીઓ માટે જાણીતા હતા. ખાસ કરીને ભારત અને કેનેડા વચ્ચેના તણાવ દરમિયાન તેમણે ખાલિસ્તાનીઓ અને જસ્ટિન ટ્રૂડોની નીતિઓની ખુલ્લેઆમ નિંદા કરી હતી. તેઓ ખાલિસ્તાની આતંકી ગુરપતવંત સિંહ વિરુદ્ધ પણ અવાજ ઉઠાવતા હતા. તેમની આ મુખરતાને કારણે તેમની હત્યા પાછળ ખાલિસ્તાની તત્વોનો હાથ હોવાની પ્રબળ શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.કેનેડા પોલીસના જણાવ્યા અનુસાર મંગળવારે રાત્રે અંદાજે ૯:૩૦ વાગ્યે નેન્સી ગ્રેવાલ ગંભીર હાલતમાં મળી આવ્યા હતા. તેમને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, પરંતુ વધુ પડતું લોહી વહી જવાને કારણે તેમનું મોત નિપજ્યું હતું. હાલ પોલીસે નેન્સીના ઘરની આસપાસના વિસ્તારમાં ઘેરાબંધી કરી છે અને સીસીટીવી ફૂટેજ તેમજ ફોરેન્સિક પુરાવા એકત્રિત કરવાની કામગીરી હાથ ધરી છે. નેન્સી ગ્રેવાલનો ઉછેર હરિયાણાના સિરસામાં થયો હતો. સિરસાની સતલુજ પબ્લિક સ્કૂલમાંથી અભ્યાસ કર્યા બાદ તેઓ કેનેડામાં સ્થાયી થયા હતા. કેનેડામાં ખાલિસ્તાનનો વિરોધ કરનારા લોકો માટે તેઓ એક મજબૂત અવાજ બની ગયા હતા. વારંવાર મળતી ધમકીઓ છતાં તેઓ ક્યારેય ઝૂક્યા નહોતા.

લા સેલ વિસ્તારમાં બે અઠવાડિયામાં આ બીજી હત્યાની ઘટના છે, જેના કારણે સ્થાનિક રહેવાસીઓમાં ભયનો માહોલ છે. કેનેડામાં લાંબા સમયથી સક્રિય ખાલિસ્તાની તત્વોને કારણે ભારત સાથેના સંબંધોમાં પણ તિરાડ પડી હતી.

જોકે, જસ્ટિન ટ્રૂડોની સત્તા ગયા બાદ નવી સરકાર આ મામલે કેવું વલણ અપનાવે છે તે જોવું રહ્યું. હાલમાં પોલીસે કોઈની ધરપકડ કરી નથી, પરંતુ તપાસ તેજ કરી દેવામાં આવી છે.

# સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેઝનો સ્પષ્ટ જવાબ: અમે કોઈ પણ સંજોગોમાં યુદ્ધમાં ભાગ નહીં લઈએ

(સંપૂર્ણ સમાચાર સેવા)સ્પેન

મધ્ય પૂર્વ દેશોમાં ચાલી રહેલા યુદ્ધમાં ઈરાન સામે લશ્કરી કાર્યવાહી કરવા માટે તાજેતરમાં અમેરિકાએ સ્પેનમાં આવેલા સંયુક્ત મિલિટરી બેઝનો ઉપયોગ કરવાની માંગ કરી હતી. જો કે, આ માટે સ્પેને ના પાડી દેતાં અમેરિકા રોષે ભરાયું છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા વેપારી નાકાબંધીની ધમકી આપ્યા પછી પણ સ્પેન પોતાના નિર્ણય પર અડગ છે.

સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેઝે સ્પષ્ટ શબ્દોમાં રોકડું પરખાવી દીધું છે કે, 'સ્પેન મધ્ય પૂર્વના યુદ્ધમાં ભાગ નહીં લે.' સાંચેઝે સ્પેનની સ્થિતિ માત્ર ત્રણ શબ્દોમાં સ્પષ્ટ કરતાં કહ્યું છે કે, 'યુદ્ધ માટે ના.'

અમેરિકા અને ઈઝરાયલ ઈરાન સામે આકરી લશ્કરી કાર્યવાહી કરી રહ્યા છે, જે અંતર્ગત તાજેતરમાં અમેરિકાએ સ્પેનમાં આવેલા સંયુક્ત મિલિટરી બેઝનો ઉપયોગ કરવાની માંગ કરી હતી. સ્પેનમાં રોટા અને મોરોનના કેટલાક મિલિટરી બેઝનું સંચાલન અમેરિકા અને સ્પેન સંયુક્ત રીતે કરે છે. જો કે, આ તમામ બેઝ પરના અંતિમ અધિકાર સ્પેન પાસે જ છે. સ્પેન સરકારે અમેરિકાની માંગણી ફગાવી દીધી છે. તેનું કારણ એ હતું કે ઈરાન પરના હુમલાને યુનાઈટેડ નેશન્સની મંજૂરી નથી. સ્પેનના આ નિર્ણય પછી અમેરિકા નારાજ થયું છે અને તેણે પોતાના લગભગ ૧૫ લશ્કરી વિમાનો સ્પેનમાંથી જર્મની ખસેડી દીધા છે.

સ્પેનના ઈનકારથી નારાજ થઈને ટ્રમ્પે જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝ સાથેની મુલાકાત વખતે સ્પેનની ટીકા કરી હતી. ટ્રમ્પે કહ્યું હતું કે સ્પેનનું વલણ 'ખૂબ ખરાબ' છે.

મેં મારા ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટને સ્પેન સાથેના વેપાર સંબંધો ખતમ કરવાની સૂચના આપી દીધી છે. ટ્રમ્પે એમ પણ જણાવ્યું હતું કે અમેરિકા ઈચ્છે તો તે આ મિલિટરી બેઝનો ઉપયોગ કરી શકે છે. કોઈ અમને રોકી શકે એમ નથી, પરંતુ હાલ અમેરિકાને એવું કરવાની જરૂર નથી.

સ્પેન સાથે થયેલા તણાવ પાછળ બીજું કારણ નાટો **(NATO)** માટેનો સંરક્ષણ ખર્ચ પણ છે. ટ્રમ્પ લાંબા સમયથી માંગ કરી રહ્યા છે કે નાટોના તમામ સભ્ય દેશો પોતાના **GDP**ના ૫% જેટલો ખર્ચ સંરક્ષણ પર કરે. પરંતુ સ્પેને આ લક્ષ્યાંક સ્વીકાર્યો નથી. સ્પેનનું કહેવું છે કે, અમે આશરે ૨.૧% ખર્ચ કરીશું. આ કારણે ટ્રમ્પે સ્પેનને 'અમેરિકાનો સાથ ન આપનાર એકમાત્ર દેશ' ગણાવ્યો છે.

સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેઝે ટ્રમ્પની ધમકીનો સીધો જવાબ આપતાં કહ્યું હતું કે 'સ્પેન કોઈ પણ દેશના દબાણ કે બદલાના ડરથી પોતાના મૂલ્યો સાથે સમાધાન નહીં કરે. મધ્ય પૂર્વમાં યુદ્ધ વધશે તો લાખો લોકોના જીવન પર ગંભીર અસર પડશે. અમે અમેરિકા, ઈઝરાયલ અને ઈરાનને યુદ્ધવિરામ માટે અપીલ પણ કરીએ છીએ. ૨૦૦૩ના ઈરાક યુદ્ધનું ઉદાહરણ જુઓ. તે યુદ્ધ પછી યુરોપમાં અસુરક્ષાની મોટી લહેર ફેલાઈ ગઈ હતી.'

# તંત્રી લેખ......

## ઉગ્રવાદ સામે લડવું આટલું મુશ્કેલ કેમ છે?

ઉગ્રવાદ, ખાસ કરીને ધાર્મિક ઉગ્રવાદ અને દુષ્ટ પ્રથાઓ સામે લડવું ક્યારેય સરળ નહોતું. કટ્ટરતા સામે લડનારાઓએ ઘણીવાર પોતાનો જીવ ગુમાવ્યો છે. દિલ્હી નજીક ગાઝિયાબાદના રહેવાસી સલીમ અહેમદ હાલમાં તેમના પર થયેલા જીવલેણ હુમલા બાદ પોતાના જીવન માટે સંઘર્ષ કરી રહ્યા છે. આ હુમલો એટલા માટે થયો કારણ કે સલીમ ધાર્મિક કટ્ટરતા વિરુદ્ધ ખુલ્લેઆમ બોલે છે અને ઈસ્લામિક માન્યતાઓની ટીકા કરે છે જે તેમના મતે આજના યુગ માટે યોગ્ય નથી, સભ્ય સમાજ માટે સ્વીકાર્ય નથી, કે સહઅસ્તિત્વ માટે અનુકૂળ નથી.

જ્યારથી તેમણે ઈસ્લામનો ત્યાગ કર્યો છે, ત્યારથી સલીમ પોતાને ભૂતપૂર્વ મુસ્લિમ કહે છે. તેમણે નાસ્તિક પરિષદોનું આયોજન કર્યું છે અને પોતાને નાસ્તિકની જેમ વાસ્તવિકતાવાદી કહે છે. તેઓ પોતાની યુટ્યુબ ચેનલ ચલાવે છે, જ્યાં તેઓ ધાર્મિક કટ્ટરતા અને દુષ્ટ પ્રથાઓને દૂર કરવાના માર્ગો પર ચર્ચા કરે છે. તેઓ એકલા નથી; વિશ્વભરમાં ઘણા એવા છે જેઓ પોતાને ભૂતપૂર્વ મુસ્લિમ કહે છે.

ઈસ્લામિક દેશોમાં પણ ભૂતપૂર્વ મુસ્લિમો ઝડપથી વધી રહ્યા છે. તેઓએ યુરોપ અને અમેરિકામાં સંગઠનો સ્થાપિત કર્યા છે, અને તેઓ તેમની પ્રવૃત્તિઓને ભૂતપૂર્વ મુસ્લિમ ચળવળ કહે છે. આ ચળવળ ભારતમાં પણ પહોંચી છે, અને કેરળના ભૂતપૂર્વ મુસ્લિમો, એટલે કે, જેમણે ઈસ્લામ છોડી દીધો છે, તેમણે પોતાનું સંગઠન બનાવ્યું છે. આ સૂચવે છે કે ભારતમાં ભૂતપૂર્વ મુસ્લિમ ચળવળ વેગ પકડી રહી છે. ભારતની સાથે, પાકિસ્તાન અને બાંગ્લાદેશના ઘણા ભૂતપૂર્વ મુસ્લિમો પણ વિદેશમાં સક્રિય છે. ઈસ્લામિક દેશોમાં, ઈરાનમાં કદાચ સૌથી વધુ ભૂતપૂર્વ મુસ્લિમો છે, કારણ કે તે તેના અત્યંત ઈસ્લામિક કટ્ટરવાદને કારણે છે.

જ્યારે કોઈપણ સમાજમાં ધાર્મિક કટ્ટરતા ચરમસીમાએ પહોંચે છે, ત્યારે જેઓ તેનાથી કંટાળી ગયા હોય છે તેઓ તેની વિરુદ્ધ અવાજ ઉઠાવવાનું શરૂ કરે છે. આવા ઘણા લોકો કાં તો નાસ્તિક અથવા અજ્ઞેયવાદી બની જાય છે, એટલે કે, જેઓ ખાતરી નથી કરતા કે ભગવાન, અલ્લાહ, કે ભગવાન, વગેરે અસ્તિત્વમાં છે કે નહીં. એક સમયે, ભારતમાં ફક્ત થોડા જ જાહેર કરાયેલા ભૂતપૂર્વ મુસ્લિમો હતા, પરંતુ આજે તેમની ગણતરી કરવી મુશ્કેલ છે. તેમાંથી ઘણા પોતાની યુટ્યુબ ચેનલો ચલાવે છે અને ક્યારેક ક્યારેક જાહેર કાર્યક્રમોમાં ભાગ લે છે.

તેઓ પોતાની ઓળખ અને ચહેરા છુપાવતા હતા, પરંતુ આજે ઘણાને હવે આની જરૂર નથી લાગતી. સલીમ વાસ્તિક એક એવો વ્યક્તિ છે. નિઃશંકપણે, ધાર્મિક કટ્ટરતા સામે બોલતા બહુ ઓછા ભૂતપૂર્વ મુસ્લિમો છે, કારણ કે તેમની સલામતી સતત જોખમમાં છે. તેમને સતત હત્યાની, અથવા વધુ સરળ રીતે, શિરચ્છેદ કરવાની ધમકીઓ મળે છે. સલીમ વાસ્તિકને પણ આવી જ ધમકીઓ મળતી હતી, પરંતુ તે તેમનાથી ડરવા જેવો ન હતો.

પહેલગામમાં લોકોના ધર્મ વિશે પૂછપરછ કર્યા પછી હત્યાઓ પછી, સલીમ તેના કેટલાક સાથીઓ સાથે કાશ્મીર ગયો. ત્યાં, તેણે ધાર્મિક કટ્ટરતા વિરુદ્ધ ખુલ્લેઆમ વાત કરી, જ્યાં સુધી કેટલાક ઉગ્રવાદીઓની ફરિયાદને પગલે, પોલીસે શાંતિ ભંગ કરવાના આરોપસર તેની ધરપકડ કરી. પોલીસે તેની અને તેના સાથીઓની યુટ્યુબ ચેનલો કાઢી નાખી, પરંતુ પાછા ફર્યા પછી, તેણે નવી યુટ્યુબ ચેનલ સાથે પોતાનું મિશન ફરી શરૂ કર્યું. તેને ફરીથી ધમકીઓ મળવા લાગી, અને ગયા શુક્રવારે, ઝીશાન અને ગુલફામ નામના બે ભાઈઓ તેના ઘરે ગયા અને તીક્ષ્ણ હથિયારોથી તેનું ગળું કાપવાનો પ્રયાસ કર્યો.

રમઝાન મહિનામાં અને સલીમનું ગળું કાપવાના કૃત્યને ધ્યાનમાં લો. હુમલાખોરો પિસ્તોલથી સજ્જ હતા, પરંતુ તેમને તેનું ગળું કાપીને શુક્રવારને તેમના લક્ષ્ય તરીકે પસંદ કરવાનું જરૂરી લાગ્યું. આનું કારણ એ હતું કે, પ્રથમ, તેઓ ધાર્મિક માન્યતામાં માનતા હતા કે ઈસ્લામનો ત્યાગ કરનારાઓ માટે સજા મૃત્યુ છે, અને બીજું, તેઓ પાકિસ્તાનમાં ગુંજી રહેલા ભયાનક નારાથી પ્રભાવિત હતા: "પયગંબરનું અપમાન કરવા માટે ફક્ત એક જ સજા છે: માથું શરીરથી અલગ કરી દેવામાં આવે છે." હવે, આ નારા ભારતમાં ક્યારેક ક્યારેક સાંભળવા મળે છે, પરંતુ કમલેશ તિવારી, કન્હૈયા લાલ અને ઉમેશ કોલ્હે જેવા કેટલાક લોકોની કથિત નિંદાના આરોપમાં ગળું કાપીને હત્યા પણ કરવામાં આવી છે.

## રાંદેરમાં પિતરાઈ ભાઈની હત્યા કરનારો આમિર શેખ ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

ડાયમંડ સિટી સુરતના રાંદેર વિસ્તારમાં કાળજું કંપાવી દે તેવી હત્યાની ઘટના સામે આવી છે. પવિત્ર રમઝાન માસમાં ઈબાદત કરવા મહારાષ્ટ્રથી સુરત આવેલા ૨૦ વર્ષીય યુવકની તેના જ મામાના દીકરાએ ચપ્પુના ઘા ઝીંકી નિર્મમ હત્યા કરી નાખી છે. રાંદેર પોલીસે આ મામલે ગણતરીના કલાકોમાં આરોપી અલ્લારખા ઉર્ફે આમિર શેખને ઝડપી લઈને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

ઘટનાની મળતી માહિતી અનુસાર, ૨૦ વર્ષીય સુલ્તાન શેખ મૂળ મહારાષ્ટ્રના માલેગાવનો રહેવાસી હતો અને રમઝાન માસ નિમિત્તે સુરતના રાંદેર વિસ્તારમાં રહેતા પોતાના સંબંધીઓને ત્યાં આવ્યો હતો. આ દરમિયાન આરોપી આમિર શેખ ઉર્ફે અલ્લારખા તેની પોતાની ફોઈ સાથે કોઈ બાબતે ઉગ્ર ઝઘડો કરી રહ્યો હતો. પોતાની નજર સામે થઈ રહેલા ઝઘડાને શાંત પાડવા સુલ્તાન વચ્ચે પડ્યો હતો.ઝઘડામાં સુલ્તાનની મધ્યસ્થી આરોપી અલ્લારખાને ગમી ન હતી. આવેશમાં આવી ગયેલા અલ્લારખાએ પોતાની પાસે રહેલું તીક્ષ્ણ ચપ્પુ કાઢી સુલ્તાન પર હુમલો કરી દીધો હતો. સુલ્તાનને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું કરૂણ મોત નીપજ્યું હતું.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - ગુરૂવાર, ૦૫/૦૩/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૨૭૫ | ૪૫૮.૦૦ | ૫૦૪.૦૦ |
| ૨ | એરંડા | 30 | ૧,૨૩૦.૦૦ | ૧,૨૪૦.૦૦ |
| 3 | રાયડો | ૨૦ | ૧,૦૫૦.૦૦ | ૧,૧૨૮.૦૦ |
| ૪ | વરીયાળી | 0 | ૧,૦૦૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૫ | જીરૂ | 0 | ૨,૦૦૦.૦૦ | 3,000.00 |

મુનિમજી સોફ્ટવેર

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: સોના-ચાંદીના વાયદામાં સામસામા રાહ: સોનાના વાયદામાં રૂ.૨૭૫ની વૃદ્ધિ, ચાંદીનો વાયદો રૂ.૧૧૪૫ નરમ


### ક્રૂડ તેલના વાયદામાં સેંકડા વધ્યા: કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૦૮૨૯.૯૪ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૫૮૫૭૬.૩૭ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૫૨૮૬.૨૨ કરોડનાં કામકાજ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૭૯૪૦૬.૩૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૦૮૨૯.૯૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૫૮૫૭૬.૩૭ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૦૨૨.૪૨ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૫૨૮૬.૨૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૨૭૫૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૩૧૪૨ અને નીચામાં રૂ.૧૬૦૫૩૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૬૧૫૨૫ના આગલા બંધ સામે રૂ.૨૭૫ વધી રૂ.૧૬૧૮૦૦ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની માર્ચ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૫૬૬ ઘટી રૂ.૧૩૨૩૯૪ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ માર્ચ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૫૧ ઘટી રૂ.૧૬૬૪૧ના ભાવે બોલાયો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૬ ઘટી રૂ.૧૫૯૫૦૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૪૬૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૪૬૯૯ અને નીચામાં રૂ.૧૬૧૭૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૬૩૦૯૯ના આગલા બંધ સામે રૂ.૧૫૦ ઘટી રૂ.૧૬૨૯૪૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૬૫૭૩૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૬૬૧૫૦ અને નીચામાં રૂ.૨૫૭૧૦૦ના મથાળે અથડાઈ, રૂ.૨૬૧૩૯૦ના આગલા બંધ સામે રૂ.૧૧૪૫ ઘટી રૂ.૨૬૦૨૪૫ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૨૫૦ ઘટી રૂ.૨૭૧૫૧૮ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૩૪૫ ઘટી રૂ.૨૭૧૬૨૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૧૯૫૨.૭૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું માર્ચ વાયદો રૂ.૯.૫ ઘટી રૂ.૧૧૯૯.૮ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ વાયદો રૂ.૧.૫ ઘટી રૂ.૩૨૬.૩૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ માર્ચ વાયદો રૂ.૨.૬૫ વધી રૂ.૩૩૨.૯ના સ્તરે પહોંચ્યો હતો. સીસું માર્ચ વાયદો ૬૫ પૈસા ઘટી રૂ.૧૮૮.૭ના ભાવે બોલાયો હતો.




એનર્જી સેગમેન્ટમાં રૂ. ૩૫૨૫.૧૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી માર્ચ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૯૩૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૯૯૫ અને નીચામાં રૂ.૩૯૩૪ના સ્તરને સ્પર્શી, રૂ.૩૬ વધી રૂ.૩૯૭૭ થયો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો બેરલદીઠ રૂ.૭૦૬૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૭૧૭૫ અને નીચામાં રૂ.૬૯૯૨ના સ્તરને સ્પર્શી, રૂ.૬૯૩૭ના આગલા બંધ સામે રૂ.૧૫૬ વધી રૂ.૭૦૯૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની માર્ચ વાયદો રૂ.૧૫૪ વધી રૂ.૭૦૯૧ થયો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૨.૬ વધી રૂ.૨૭૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો રૂ.૨.૬ વધી રૂ.૨૭૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૫૨ના ભાવે ખૂલી, રૂ.૨.૯ ઘટી રૂ.૯૫૧.૫ના સ્તરે પહોંચ્યો હતો. એલચી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૪૭૫ના ભાવે ખૂલી, રૂ.૯ વધી રૂ.૨૪૭૫ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૮૫૫૮.૬૭ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૬૭૨૭.૫૫ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૨૩૮.૦૪ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૬૭.૩૪ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૪.૮૩ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૪૨.૫૧ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૦.૧૨ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૬૦૭.૦૨ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૯૦૭.૯૯ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૯૫૦૪ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૦૧૯૪ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૯૫૨૪ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૨૭૧૫૧ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૦૦૩૬ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૭૩૦૬ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૯૦૨૬ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૬૯૮૨૭ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૧૩૮ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૧૫૮૬ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૯૫૫૧ લોટના સ્તરે રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૫૪.૩ વધી રૂ.૫૧૩.૧ થયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૪ વધી રૂ.૧૬.૮ના ભાવે બોલાયો હતો.

સોનું માર્ચ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૬ ઘટી રૂ.૨૪૫ થયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૪૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૯૭.૫ ઘટી રૂ.૧૧૩૪ના ભાવે બોલાયો હતો. તાંબું માર્ચ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫.૭૫ ઘટી રૂ.૩૨.૬૪ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૨૬ પૈસા વધી રૂ.૦.૮૫ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની માર્ચ રૂ.૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૫૪.૮૫ વધી રૂ.૫૧૭.૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૫ વધી રૂ.૧૭.૧૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૧૯૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૭૫.૫ ઘટી રૂ.૫૩૩.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૪૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૪.૫ ઘટી રૂ.૬૧૧ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૦૪.૬ ઘટી રૂ.૪૧૮.૨ થયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૭૫ પૈસા ઘટી રૂ.૧૫.૯ના ભાવે બોલાયો હતો.

સોનું માર્ચ રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯.૫ વધી રૂ.૪૭૦ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૮ ઘટી રૂ.૧૮૮૦ થયો હતો. તાંબું માર્ચ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪.૫૧ વધી રૂ.૩૨.૬૪ થયો હતો. જસત માર્ચ રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૫૮ વધી રૂ.૪.૫ના ભાવે બોલાયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની માર્ચ રૂ.૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૦૧.૯ ઘટી રૂ.૪૨૪.૯ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫૫ પૈસા ઘટી રૂ.૧૬.૨ના ભાવે બોલાયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૫ વધી રૂ.૪૮૬ થયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૨૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૯૬૧.૫ ઘટી રૂ.૧૮૭૨૭.૫ના ભાવે બોલાયો હતો.

### એસેન્સિયલ ડ્રગ લિસ્ટની દવાઓ ૧,૩૮૬થી વધારીને ૧,૪૭૯ કરાઈ; સમીક્ષા બાદ બિનજરૂરી ૫૭ દવાઓ રદ કરાઈ

## રાજ્ય સરકારે આવશ્યક દવાઓની યાદી (EDL)માં કર્યો વધારો: વર્ષ ૨૦૨૫-૨૬ માટે મહત્વપૂર્ણ ૧૫૦ દવાઓનો ઉમેરો કરાયો


આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનસેરિયાએ રાજ્યના આરોગ્ય ક્ષેત્રે લેવાયેલા એક મહત્વપૂર્ણ નિર્ણયની વિગતો આપતા જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ માટેની આવશ્યક દવાઓની યાદી (EDL)માં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. ગુજરાત મેડિકલ સર્વિસીસ કોર્પોરેશન લિ. (GMSCL) દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ની ૧,૩૮૬ દવાઓની સમીક્ષા કર્યા બાદ, ૧૫૦ નવી દવાઓનો ઉમેરો કરવામાં આવ્યો છે અને બિનજરૂરી ૫૭ દવાઓ રદ કરવામાં આવી છે. જેના પરિણામે હવે આગામી વર્ષ માટે કુલ ૧,૪૭૯ જેટલી સર્જિકલ અને ડાયગ્નોસ્ટિક સહિતની જરૂરી દવાઓ દર્દીઓને સરળતાથી ઉપલબ્ધ બનશે.

આરોગ્ય મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, રાજ્યના છેવાડાના માનવી સુધી શ્રેષ્ઠતમ અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ પહોંચાડવી એ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારની નૈતિક જવાબદારી છે. રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે દવાઓની ખરીદી માટે એસેન્સિયલ ડ્રગ લિસ્ટને રિવાઈઝ કરવામાં આવે છે. EDLમાં સમાવિષ્ટ આ પ્રત્યેક દવા અને સર્જિકલ આઈટમ રાજ્યના ગ્રામીણ અને શહેરી વિસ્તારના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોથી લઈને મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો સુધીના તમામ સ્તરે વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે. તેમણે વિગતવાર માહિતી આપતા કહ્યું હતું કે, રાજ્ય સરકારના એસેન્સિયલ ડ્રગ લિસ્ટમાં પ્રાથમિક કક્ષાની ૩૭૮ દવાઓ, સેકન્ડરી કક્ષાની ૬૨૮ દવાઓ અને ટર્સરી કક્ષાની ૧,૪૭૫ દવાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. મુખ્ય રોગોની દવાઓમાં થયેલા વધારા અંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગત વર્ષની સરખામણીએ જીવનરક્ષક દવાઓના ગ્રુપમાં મોટો વધારો જોવા મળ્યો છે. એન્ટી-ઈન્ફેક્ટિવ મેડિસિન્સ ૨૦૨થી વધારીને ૨૧૬, શ્વસનતંત્રની દવાઓ ૨૯થી વધારીને ૪૦, આંખની દવાઓ ૫૧થી વધારીને ૫૮, ગેસ્ટ્રો ઈન્ટેસ્ટાઈનલની દવાઓ ૫૨ (બાવન)થી વધારીને ૫૬ તેમજ મેડિકલ ડિવાઈસીસની સંખ્યા ૨૮૭થી વધારીને ૩૪૯ કરવામાં આવી છે. આ ઉપરાંત વર્ષ ૨૦૨૫-૨૬ના EDLમાં હૃદયરોગની ૧૧૬, કેન્સરની ૫૬, ન્યૂરોલોજીકલ ડિસોર્ડર્સની ૭૫ અને માનસિક રોગોની ૪૩ દવાઓ સહિત અનેકવિધ દવાઓનો સમાવેશ કરીને આરોગ્ય સેવાઓને વધુ સુદ્રઢ બનાવવામાં આવી છે. રાજ્ય સરકાર દર વર્ષે ડ્રગ્સ ફોર્મ્યુલરીની સમીક્ષા કરી તેને અદ્યતન બનાવે છે, જેથી દર્દીઓને આધુનિક અને અસરકારક સારવાર મળી રહે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

- નિતિન રથવી

## મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે "શેપિંગ ટુમોરોઝ સીટીઝ – ફ્રોમ ક્લાયમેટ રીસ્ક ટૂ ગ્રીન ઓપોર્ચ્યુનીટીઝ" પુસ્તકનું વિમોચન કર્યું

### વિશ્વમાં શહેરીકરણની પરિવર્તનકારી પ્રકિયામાં સસ્ટેનેબલ-ક્લાયમેટ રીઝીલિયન્ટ અને ઈનોવેટીવ અર્બનાઈઝેશનની તકો આલેખતું પુસ્તક



મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે, "શેપિંગ ટુમોરોઝ સીટીઝ – ફ્રોમ કલાયમેટ રીસ્ક ટૂ ગ્રીન ઓપોર્ચ્યુનીટીઝ" પુસ્તકનું ગાંધીનગરમાં વિમોચન કર્યું હતું.

આધુનિક સમયમાં બદલાતાં વિશ્વમાં શહેરીકરણ-અર્બનાઈઝેશન સૌથી વધુ પરીવર્તનકારી પ્રક્રિયા છે. તેને સમસ્યા નહિ પરંતુ સસ્ટેનેબલ, કલાઈમેટ રીઝીલીયન્ટ અને ઈનોવેટીવ સિટીઝ તરીકે વિકસાવવાની તકોનું આ પુસ્તકમાં વિસ્તૃત આલેખન થયું છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શહેરીકરણના પડકારોને તકમાં પલટાવવાના અપેલા માર્ગદર્શનને ગુજરાત ઉર્જા વિકાસ નિગમના મેનેજીંગ ડિરેક્ટર અધિકારી સુ.શ્રી. શાલિની અગ્રવાલે, વિશ્વના દેશોના અર્બન ડેવલોપમેન્ટ અને અર્બનાઈઝેશન અનુરૂપ ભવિષ્યના શહેરી વિકાસના વિઝનથી આ પુસ્તકમાં સચોટ નિરૂપણ સાથે આવરી લીધું છે.

વધતાં જતાં શહેરીકરણને કારણે આવનારા દિવસોમાં એન્વાયરમેન્ટ અને સોશિયલ ચેલેન્જીસ માટેના ખાસ આગોતરા આયોજન અને નીતિ નિર્માણનું મહત્વ આ પુસ્તકમાં સમાવિષ્ટ છે.

એટલું જ નહિ, અર્બનાઈઝેશન સાથે એનર્જી ડિમાન્ડ, રીસોર્સ કન્ઝમ્પશન અને ગ્રીન હાઉસ ગેસના ઉત્સર્જન પરિણામે સર્જાતી કલાયમેટ ચેન્જની અસરોનું સમાધાન કરવાના વિચારો આ પુસ્તકતમાં વણી લેવામાં આવ્યા છે.

ભારતમાં પણ શહેરીકરણ ઝડપથી વધી રહ્યું છે અને ૨૦૪૭ સુધીમાં તેમાં મોટા પ્રમાણમાં વધારો થવાની શક્યતા છે. આ આર્થિક વિકાસયાત્રામાં શહેરોની ભૂમિકા ખૂબ મહત્વની રહેવાની છે. વધતાં શહેરીકરણને કારણે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, હાઉસીંગ, પાણી અને મૂળભૂત સેવાઓ પર ભાર વધે છે. તેથી શહેરોના સુવ્યવસ્થિત આયોજન અને ટકાઉ વિકાસ ખૂબ જરૂરી છે. તેની છણાવટ આ પુસ્તકમાં કરવામાં આવી છે.

સસ્ટેનેબલ ડેવલોમેન્ટ પ્રોજેક્ટને માટે ફંડીંગના માર્ગો દર્શાવતા પુસ્તકમાં જણાવાયું છે કે ક્લાયમેટ રીઝીલીયન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા માટે ગ્રીન બોન્ડ, પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ, કાર્બન માર્કેટ અને કલાઈમેટ ફાઈનાન્સ જેવા પ્રયાસો દ્વારા મોટું રોકાણ પ્રાપ્ત કરી શકાય છે. આ સાધનો દ્વારા શહેરો જરૂરી મૂડી એકત્રીત કરી શકે છે. સાથે સાથે સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની નાણાકીય ક્ષમતા મજબૂત બનાવવાની, મ્યુનિસીપલ ફાયનાન્સ સીસ્ટમને વધુ સુદ્રઢ કરવાની બાબતોને પણ આવરી લેવામાં આવી છે.

શહેરો સમસ્યાઓનું કારણ નથી, પરંતુ એવા પ્લેટફોર્મ છે જ્યાં સામાજિક, આર્થિક અને પર્યાવરણીય પડકારોના ઉકેલો વિકસાવી શકાય છે. યોગ્ય આયોજન, ટેકનોલોજી અને સસ્ટેનેબલ પોલિસીઝ દ્વારા શહેરોને વિકાસના કેન્દ્ર અને ગ્રીન ફ્યુચરના આધારસ્તંભ બનાવી શકાય છે તે અંગે પણ આ પુસ્તકમાં આલેખન થયું છે.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ (મો.૭૯૮૪૮૩૬૩૭૧)

પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક



RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307

Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

જેતલપુરધામ ખાતે ભવ્ય 'દ્વિશતાબ્દી મહોત્સવ'ની ઉજવણી પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિ

# માનવ જીવનનું કલ્યાણ અને રાષ્ટ્રની આત્મનિર્ભરતા 'પ્રાકૃતિક ખેતી'માં જ સમાયેલી છેઃ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

## રાજ્યપાલશ્રીએ સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો અને હરિભક્તોને 'પ્રાકૃતિક ખેતી'ના અભિયાનમાં જોડાવા આહવાન કર્યું

ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા સ્વહસ્તે નિર્મિત નવ મંદિરો પૈકીના પાંચમા એવા ઐતિહાસિક જેતલપુરધામ ખાતે ભવ્ય 'દ્વિશતાબ્દી મહોત્સવ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ અવસરે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. સ્વામિનારાયણ મંદિર, જેતલપુરના ૨૦૦માં મહોત્સવ (દ્વિશતાબ્દી) પ્રસંગે ઉપસ્થિત રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આધ્યાત્મિકતા અને સામાજિક જવાબદારીના સંગમ પર ભાર મૂકતા એક પ્રેરણાદાયી સંબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, માનવ જીવન એ ઈશ્વર દ્વારા આપવામાં આવેલી સર્વોત્તમ ભેટ છે અને તેનો અંતિમ ઉદ્દેશ્ય મોક્ષની પ્રાપ્તિ છે. તેમણે સ્પષ્ટ કર્યું કે જો શરીર સ્વસ્થ હશે તો જ મનુષ્ય ભક્તિ, સેવા કે રાષ્ટ્ર નિર્માણના કાર્યો કરી શકશે. તેમણે સમજાવ્યું હતું કે, સ્વસ્થ શરીર જ તમામ ધર્મ અને પુરુષાર્થ સિદ્ધ કરવાનું મુખ્ય સાધન છે. તેમણે સંસારને એક સીડી સાથે સરખાવતા કહ્યું કે, જેમ સીડીનો ઉપયોગ આગળ વધવા માટે થાય છે તેમ સંસારનો ઉપયોગ સાધન તરીકે કરીને આધ્યાત્મિક લક્ષ્ય સુધી પહોંચવું જોઈએ, તેમાં આસક્ત થવું જોઈએ નહીં.



રાજ્યપાલશ્રીએ રાસાયણિક ખેતીથી થતા ગંભીર નુકસાન અંગે ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, છેલ્લા ૪૦ વર્ષોમાં કેન્સર, ડાયાબિટીસ અને હૃદયરોગ જેવી બીમારીઓ વધવાનું મુખ્ય કારણ ખેતીમાં વપરાતું યુરિયા અને ડીએપી જેવું ઝેર છે. આ રસાયણોએ માત્ર જમીન જ નહીં, પણ ભૂગર્ભ જળ અને પશુઓના દૂધ સહિત માતાના દૂધને પણ પ્રદૂષિત કર્યું છે. વૈજ્ઞાનિક રિપોર્ટનો ઉલ્લેખ કરી ચેતવણી આપી હતી કે જો આપણે આજે નહીં સુધરીએ, તો આવનારી પેઢીને આપણે બંજર જમીન વારસામાં આપીશું. રાજ્યપાલશ્રીએ સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો અને હરિભક્તોને 'પ્રાકૃતિક ખેતી'ના અભિયાનમાં જોડાવા આહવાન કર્યું હતું. તેમણે સમજાવ્યું કે, પ્રાકૃતિક ખેતીથી જમીનમાં અળસિયા પુનઃજીવિત થાય છે, જે જમીનને છિદ્રાળુ બનાવી વરસાદી પાણીને જમીનમાં ઉતારે છે. જો ભારતને સાચા અર્થમાં આત્મનિર્ભર અને સ્વસ્થ બનાવવો હોય, તો આપણે આ 'ઝેરમુક્ત' ખેતી અપનાવવી જ પડશે. સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા થતા પર્યાવરણ અને જળ સંચયના કાર્યોની પણ તેમણે પ્રશંસા કરી હતી.

કાર્યક્રમ દરમિયાન લાલજી મહારાજ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પ્રવચન આપતા જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાના રાજ્યપાલશ્રીના પ્રયાસો સંપ્રદાયના મૂલ્યો સાથે સુસંગત છે. 'શિક્ષાપત્રી'ના ૨૦૦ વર્ષની ઉજવણી નિમિત્તે કાલુપુર સ્વામિનારાયણ મંદિર દ્વારા અમદાવાદમાં ૫ લાખ વૃક્ષો વાવવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે.

આ પ્રસંગે ધર્મધુરંધર આચાર્ય કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, મોટા મહારાજ તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, વ્યાસપીઠ વક્તા શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી, સંતો મહંતો તેમજ મોટી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

# એસવીપી માં ચાલતી બેદરકારી બંધ કરો, બંધ કરોઃ હોસ્પીટલમાં મહિલાના મોતથી ભારે હોબાળો પરીવારે કર્યા આક્ષેપ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

અમદાવાદ શહેરની સૌથી આધુનિક અને મોટી સરકારી હોસ્પીટલ ગણાતી એસવીપી હોસ્પીટલ ફરી એકવાર વિવાદોના વમળમાં આવી ગઈ છે. ગીરાબેન સોની નામના મહિલા દર્દીના રહસ્યમય સંજોગોમાં થયેલા મોત બાદ હોસ્પીટલ તંત્ર સામે ગંભીર સવાલો ઉભા થયા છે.

મૃતક ગીરાબેન સોનીને ગઈ તારીખ ૨૧ ફેબ્રુઆરી ના રોજ સારવાર માટે હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેઓ અસ્થમા અને ડાયાબીટીસ જેવી બિમારીઓથી પીડાતા હતા. પરંતુ પરીવારનો આક્ષેપ છે કે સામાન્ય ખાંસીના ઈલાજ માટે લાવવામાં આવેલા દર્દીનુ મોત હોસ્પીટલની ઘોર બેદરકારીને કારણે થયુ છે. પરીવારજનોએ એવો પણ ગંભીર આરોપ લગાવ્યો છે કે સારવાર દરમિયાન ઓકિસજન માસ્ક એટલુ ટાઈટ પહેરાવવામાં આવ્યુ હતુ કે તેના કારણે દર્દીની આંખો ને પણ ગંભીર અસર પહોચી હતી. ૧૨ દિવસની ટુંકી સારવાર બાદ મહિલાએ અંતિમ શ્વાસ લેતા હોસ્પીટલ પરીસરમાં રોષ ફાટી નિકળ્યો હતો. આ ઘટનાને પગલે રાજકારણ ગરમાયુ હતું. અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનના વિપક્ષ નેતા શહેજાદખાન પઠાણ અને અન્ય કોંગ્રેસ કોર્પોરેટરો મોટી સંખ્યામાં એસવીપી હોસ્પીટલ ખાતે એકઠા થયા હતા. કોંગ્રેસ દ્વારા હોસ્પીટલના મુખ્ય દ્વાર પાસે ધરણા પર બેસી ગયા હતા અને તંત્ર વિરૂધ્ધ ઉગ્ર સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. વિરોધ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના કાર્યકરોએ હાથમાં બેનરો રાખ્યા હતા. જેમાં હોસ્પીટલના

ગીરા સોની નામના દર્દીનુ ડોકટરોની બેદરકારીથી મોતનો આરોપઃ કોંગ્રેસ ધરણાં સાથે એસવીપી હોસ્પીટલ ખાતે વિરોધ પ્રદર્શન કર્યુ



સુપ્રિટેન્ડેન્ટ સંજય ત્રિપાઠી ને સસ્પેન્ડ કરવાની માંગણી પ્રબળ બની હતી. કોંગ્રેસનો આરોપ હતો કે હોસ્પીટલ તંત્ર ગરીબ અને મધ્યમવર્ગના દર્દીઓના જીવ સાથે રમત રમી રહ્યુ છે અને જવાબદાર ડોકટરો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવામાં આવતી નથી. તો બીજી તરફ એસવીપી હોસ્પીટલના સુપ્રિટેન્ડેન્ટ સંજય ત્રિપાઠીએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં તમામ આક્ષેપોને નકારી કાઢતા જણાવ્યુ હતુ કે ગીરાબેન સોનીને જયારે દાખલ કરવામાં આવ્યા ત્યારે તેઓ પહેલેથી જ ગંભીર ન્યુમોનિયા થી પીડાતા હતા અને તેમને છેલ્લા ૧૦ દિવસથી સતત તાવ આવતો હતો. તબીબી પ્રોટોકોલ મુજબ દવાઓ આપવા છતાં તેમની સ્થિતિમાં સુધારો ન થતા અંતે બ્રોન્કોસ્કોપી કરવાની ફરજ પડી હતી. હોસ્પીટલ તંત્રનો દાવો હતો કે દર્દીની તબીયત અંગે પરીવારજનોને સમયસર અને નિયમિત જાણ કરવામાં આવતી હતી.

આ ઉપરાંત સુપ્રિટેન્ડેન્ટે એક ચોકાવનારૂ નિવેદન આપતા કહ્યુ હતુ કે ૧૨૦૦ બેડ ની આ વિશાળ હોસ્પીટલના આઈસીયુ માં રોજેરોજ સરેરાશ ૪ થી ૫ દર્દીઓના મોત થતા હોય છે, જે એક સામાન્ય પ્રક્રિયાનો ભાગ છે, હાલમાં હોસ્પીટલમાં માત્ર ૪૫૦ દર્દીઓ જ સારવાર હેઠળ હોવાની માહિતી પણ બહાર આવી છે.

તો બીજી તરફ વિપક્ષ નેતા શહેજાદખાન પઠાણે હોસ્પીટલના વહિવટ પર આકરા પ્રહારો કરતા જણાવ્યુ હતુ કે એસવીપી હોસ્પીટલ અત્યારે દર્દીઓ માટે હોસ્પીટલ નહી પણ જેલ સમાન બની ગઈ છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે હોસ્પીટલમાં ઠેર ઠેર બાઉન્સરો ગોઠવી દેવામાં આવ્યા છે જે દર્દીના સંબંધીઓ સાથે ગેરવર્તન કરે છે.

સૌથી ગંભીર બાબત એ છે કે પરીવારજનોને દર્દી સાથે વાત કરવા માટે મોબાઈલ ફોન લઈ જવાની મનાઈ કરવામાં આવે છે. જેના કારણે અંદર શું ચાલી રહ્યુ છે તેની કોઈને ખબર પડતી નથી. શહેજાદખાને વ્યંગ ભાષામાં કહ્યુ હતુ કે અહીં દર્દી પોતાના પગે ચાલીને સારવાર માટે આવે છે અને થોડા દિવસો બાદ તેનુ શબ જ સ્ટ્રેચર પર બહાર નિકળે છે. આ ઘટનાએ મ્યુનિસીપલ કોર્પોરેશન સંચાલિત હોસ્પીટલોમાં દર્દીઓની સુરક્ષા અને સારવાર ની ગુણવત્તા સામે મોટા પ્રશ્નાર્થ ચિન્હ મુકી દીધા છે.

મુસ્લીમ સમાજે વિરોધ નોંધાવી જવાબદારો વિરૂધ્ધ કાર્યવાહી કરવાની કરી માંગ

# ભરૂચ શહેરમાં શાંતિ ડહોળવાનો પ્રયાસ : ભરૂચની જામા મસ્જિદમાં કેટલીક મહિલાઓએ પોલીસની હાજરીમાં પુજા કરતા હોબાળો

પ્રતિનિધિ,ગાંધીનગર

મુસ્લીમોનો પવિત્ર રમઝાન માસ ચાલી રહ્યો છે. તો બીજી તરફ શાંત ગણાતા ભરૂચ શહેરમાં કેટલાક અસામાજિક તત્વો દ્વારા શાંતિ ડહોળવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનુ જાણવા મળ્યુ હતું. ભરૂચની ઐતિહાસિક જામા મસ્જિદમાં ગઈ કાલે ૩ માર્ચે કેટલીક મહિલાઓ દ્વારા પુજા કરવામાં આવી હોવાનો વિડીયો સોશીયલ મીડીયામાં વાયરલ થતા પોલીસતંત્ર દોડતુ થયુ હતું.

નવાઈની વાત તો એ છે કે કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી જેના માથે છે તેવુ પોલીસતંત્ર ની હાજરીમાં જ મહિલાઓ દ્વારા આ પુજા કરવામાં આવી હોવાનો વિડીયો વાયરલ થતા ઘટનાને કારણે શહેરમાં તણાવનુ વાતાવરણ સર્જાયુ હતું અને મુસ્લીમ સમાજમાં ભારે આક્રોશ



જોવા મળ્યો હતો. વાયરલ થયેલા વિડીયોમાં મહિલાઓ ફુલ, શ્રીફળ અને પ્રસાદ સાથે મસ્જિદ પરીસરમાં પુજા કરતી જોવા મળી હતી.

લોકમુખે ચર્ચાયેલ મુજબ સરકારી તંત્ર દ્વારા તેમજ પુરાતત્વ ખાતા દ્વારા માત્રને માત્ર ઐતિહાસિક જામા મસ્જિદને યાત્રાળુઓ જોઈ શકે તે માટે ખુલ્લી રાખવામાં અને યાત્રાળુઓને અંદર પ્રવેસવા માટે છુટ આપવામાં આવી છે. પરંતુ ગઈ કાલે કેટલીક મહિલાઓ દ્વારા પુજા કરવામાં આવતા વાતાવરણ તંગ બની જવા પામ્યુ હતું.

આ કૃત્ય સામે મુસ્લીમ સમાજે વિરોધ નોંધાવીને જવાબદારો વિરૂધ્ધ કાર્યવાહી કરવાની માંગ કરી હતી. ભરૂચ શહેરની મધ્યમાં આવેલી આ જામા મસ્જિદ હાલમાં પુરાતત્વ વિભાગના સંરક્ષણ હેઠળ છે. જો કે સંત સમાજ દાવો કરે છે કે આ સ્થળ મુળ સમળી વિહાર જૈન મંદિર અને ચક્રધર સ્વામીનુ જન્મસ્થળ છે. જેને લઈને લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો છે. ઘટનાના વિરોધમાં જામા મસ્જિદ ખાતે ટ્રસ્ટીઓ અને મુસ્લીમ આગેવાનો મોટી સંખ્યામાં એકઠા થયા હતા. તેમણે જણાવ્યુ હતુ કે આ સ્થળ ઈસ્લામિક ધાર્મિક પરંપરાઓ મુજબ સંચાલિત થાય છે અને હાલમાં મસ્જિદમાં નમાજ પણ પઢવામાં આવે છે તેથી અન્ય ધાર્મિક ક્રિયાઓ યોગ્ય નથી અને ધાર્મિક સ્થળની પરંપરાઓનુ પાલન થવુ જોઈએ. આ સમગ્ર ઘટનાને પગલે શહેરમાં વિવિધ વર્ગોમાં ચર્ચા શરૂ થઈ હતી. તંત્ર દ્વારા હાલ પરીસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે.

તો બીજી તરફ ભરૂચ પીઆઈએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે વરસોથી આ મહિલાઓ આવી રહી છે અને મસ્જિદના પગથીએ પુજા કરતી હોય છે, પરંતુ અંદર ગઈ હોવાનુ અમને પહેલી વખત જાણવા મળ્યુ છે. મુસ્લીમ સમાજના આગેવાનો દ્વારા લેખિતમાં જાણ કરવામાં આવી છે. જેથી મસ્જિદના સીસીટીવી ફુટેજ મંગાવી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

# તારી કીડની વેચી નાંખ કે ચોરી કર પણ અમને રૂપીયા આપઃ જેતપુરના યુવાને વ્યાજખોરોના ત્રાસ થી આપઘાતનો પ્રયાસ

પ્રતિનિધિ,ગાંધીનગર

જેતપુરમાં વ્યાજખોરોના ત્રાસ થી કંટાળીને એક યુવાને ફીનાઈલ ગટગટાવી લીધુ હતું. યુવાને વ્યાજખોરો પાસેથી ૧૦ ટકાના વ્યાજે ૧.૫૦ લાખ રૂપીયા લીધા હતા. ત્યારબાદ શૈલેષ ઉસદડીયા અને ધવલ ૧૫ હજારની જગ્યાએ ૩૦ હજાર એટલે કે ડબલ વ્યાજ માંગીને રાજેન્દ્ર કનુભાઈને અસહ્ય માનસિક ત્રાસ આપતા હતા. આ વ્યાજખોરો તારી કીડની વેચી ને કે પછી ચોરી અને લુંટ કરીને પૈસા લાવ તેવી ધમકીઓ આપીને પઠાણી ઉઘરાણી કરતા હતા, આ લોકો ઘરે માણસો મોકલીને માતા પિતા સહિત આખા પરીવારને ઉપાડી જવાની પણ ગંભીર ધમકી આપતા હતા. સતત ધમકીઓ થી ડરી ગયેલા અને પૈસાની સગવડ ન થતા આખરે યુવાને કંટાળીને આપઘાતનો પ્રયાસ કર્યાની કરૂણ ઘટના બહાર આવી છે. આ અંગે સ્થાનિક પોલીસે હોસ્પીટલ ખાતે પહોચી નિવેદન




લઈ તપાસ હાથ ધરી છે. પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ જેતપુરના અમરનગર રોડ પર દુકાન ધરાવતા શૈલેષ ઉસદડીયા અને ધવલ નામના શખ્સોના ત્રાસનો યુવાને ઘટસ્ફોટ કર્યો છે. તાલુકાના જુની સાંકળી ગામના પંડયા રાજેન્દ્ર કનુભાઈ નામના યુવાને આ વ્યાજ ખોરો પાસેથી ૧.૫૦ લાખ રૂપીયાના ૧૦ ટકાના વ્યાજે રૂપીયા લીધા હતા, આ લોકો ૧૫ હજારની જગ્યાએ ૩૦ હજાર એટલે કે ડબલ વ્યાજ માંગીને અસહ્ય માનસિક ત્રાસ આપતા હતા. આ વ્યાજખોરો યુવાનને ધમકી આપીને કહેતા હતા કે તુ તારી કીડની વેચી નાંખે કે પછી ચોરી અને લુંટ કરીને પણ અમને પૈસા આપ, આ સાથે વ્યાજખોરો ઘરે માણસો મોકલીને માતા પિતા સહિત આખા પરીવારને ઉપાડી જવાની પણ ગંભીર ધમકી આપતા હતા. સતત ધમકીઓ થી ડરી ગયેલા અને પૈસાની સગવડ ન થતા આખરે યુવાને કંટાળીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આ યુવાન હાલ હોસ્પીટલમાં સારવાર લઈ રહ્યો છે. યુવાને ન્યાયની ગુહાર લગાવી વ્યાજખોરો સામે કડકમાં કડક સજા થાય તેવી માંગ કરી છે.

હોળી-ધૂળેટી પર્વ પર ગુજરાત એસ.ટી. નિગમનું સુદ્રઢ આયોજન

# ૭૪૦૦થી વધુ વધારાની ટ્રીપ દ્વારા ૩.૧૪ લાખ મુસાફરોને સલામત પરિવહન સેવા પૂરી પાડવામાં આવીઃ ડાકોર રણછોડરાયજીના દર્શનાર્થે જતા શ્રદ્ધાળુઓ માટે ખાસ ૩૬૦૦ ટ્રીપ ચલાવવામાં આવી

## નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ તહેવારોમાં આ સફળ આયોજન બદલ એસ.ટી. નિગમના ડ્રાઈવર-કંડકટર સહિત સમગ્ર સ્ટાફને અભિનંદન પાઠવ્યા

હોળી અને ધૂળેટીના પર્વ દરમિયાન મુસાફરોના ધસારાને પહોંચી વળવા માટે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા કરવામાં આવેલું એક્સ્ટ્રા બસ સંચાલન ખૂબ જ સફળ રહ્યું હતું. ચાલુ વર્ષે નિગમે ગત વર્ષના તમામ રેકોર્ડ તોડી મુસાફરોને શ્રેષ્ઠ સુવિધા પૂરી પાડી છે. નિગમ દ્વારા આ વર્ષે ૭૪૦૦થી વધુ વધારાની ટ્રીપ દ્વારા ૩.૧૪ લાખ મુસાફરોને સલામત પરિવહન સેવા પૂરી પાડવામાં આવી છે.

હોળી-ધૂળેટીના પર્વ પર જ્યારે નાગરીકો પોતાના વતન અને પરિવાર સાથે ઉત્સવ મનાવવા આતુર હોય છે, ત્યારે એસ.ટી. નિગમ તેમની ખુશીમાં સાથીદાર બન્યું છે. તા. ૨૭ ફેબ્રુઆરીથી તા. ૦૪ માર્ચ ૨૦૨૬ દરમિયાન નિગમ દ્વારા કુલ ૭૪૦૦ જેટલી વધારાની ટ્રીપનું સફળતાપૂર્વક સંચાલન કરવામાં આવ્યું. આ વિશેષ સંચાલન દ્વારા રાજ્યના અંદાજે ૩.૧૪ લાખ મુસાફરોએ એસ.ટી. નિગમની સેવાનો લાભ લીધો છે.

હોળીના પર્વ પર ડાકોર રણછોડરાયજીના દર્શનનું વિશેષ મહત્વ હોવાથી, નિગમ દ્વારા ડાકોર ખાતેથી સૌથી વધુ સંચાલન કરવામાં આવ્યું હતું. રણછોડરાયજીના દર્શનાર્થે જતા શ્રદ્ધાળુઓ માટે ખાસ ૩૬૦૦ ટ્રીપ ચલાવવામાં આવી હતી, જેના દ્વારા ૧.૩૨ લાખ દર્શનાર્થીઓને પરિવહન સેવા પૂરી પાડવામાં આવી. ગત વર્ષે નિગમ દ્વારા ૭૧૦૦ ટ્રીપ ચલાવીને ૨.૮૦ લાખ મુસાફરોને સેવા આપવામાં આવી હતી. જેની સરખામણીએ આ વર્ષે ટ્રીપની સંખ્યામાં અને મુસાફરોની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે, જે એસ.ટી. નિગમની કાર્યક્ષમતા દર્શાવે છે.

મુસાફરોના ભારે ધસારાને ધ્યાને રાખી મુખ્ય શહેરો ખાતેથી વિશેષ ટ્રીપનું સંચાલન કરાયું હતું. જેમાં અમદાવાદથી ૬૮૭ ટ્રીપ, હિમતનગરથી ૭૧૬ ટ્રીપ, સુરતથી ૪૯૬ ટ્રીપ, વડોદરાથી ૨૫૫ ટ્રીપ, જુનાગઢથી ૨૨૦ ટ્રીપ, રાજકોટથી ૧૩૧ ટ્રીપ ઉપરાંત સુરેન્દ્રનગર, મોરબી, જામનગર, દાહોદ, ગોધરા, દેવગઢ બારિયા, સંતરામપુર અને લુણાવાડા જેવા મહત્વના કેન્દ્રો પરથી પણ પૂરતી સંખ્યામાં બસો દોડાવવામાં આવી હતી. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ આ સફળ આયોજન બદલ એસ.ટી. નિગમના અધિકારીઓ અને કર્મચારીઓ ખાસ કરીને ડ્રાઈવર-કંડકટરશ્રીઓને અભિનંદન પાઠવ્યા છે અને જણાવ્યું છે કે, રાજ્ય સરકાર નાગરિકોને તહેવારો દરમિયાન કોઈ પણ અગવડ વિના સલામત અને સમયસર પરિવહન સેવા પૂરી પાડવા માટે કટિબદ્ધ છે.

- ઋચા રાવલ

# સાબરકાંઠા જિલ્લાની તમામ કોર્ટોમાં ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના કેસોમાં ઓનલાઈન પેમેન્ટ અંગેની ફેસીલીટી અંતર્ગત કયુઆરકોડ અને યુપીઆઈ લીંક ની સુવિધા શરૂ કરવા બાબત

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લામાં નામદાર ગુજરાત હાઈકોર્ટના જણાવ્યા મુજબ નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયાની ફોજદારી અપીલ નંબર ૧૭૫૫ / ૨૦૧૦ ના તારીખ ૨૫/૯/૨૦૨૫ ના હુકમ માં દર્શાવેલ પેર -૩૬ (સી) માં જણાવ્યા મુજબ જયારે ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ ની કલમ ૧૩૮ મુજબનો ગુન્હો કોઈ પક્ષકાર ઉપર થયો હોય ત્યારે જો (પક્ષકાર) આરોપી ચેક ની રકમ પ્રારંભીક તબકકે જ ઓનલાઈન જમા કરાવી શકે તે હેતુથી સુરક્ષિત કયુઆરકોડ અને યુપીઆઈ લીંક ની સુવિધા જિલ્લાની તમામ કોર્ટોમાં કરવામાં આવી છે.

આ સુવિધાથી ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ ની કલમ ૧૩૮ હેઠળ કેસોના ઝડપી સમાધાનને સરળ બનાવવા માટે દરેક જિલ્લા કોર્ટ ના મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશ સુરક્ષિત કયુઆરકોડ અથવા યુપીઆઈ લીંકસ દ્વારા સમર્પિત ઓનલાઈન ચુકવણી સુવિધાઓ બનાવશે અને કાર્યરત કરાશે. ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ ની કલમ ૧૩૮ ના કેસના સમન્સ માં સ્પષ્ટપણે ઉલ્લેખ કરવામાં આવશે કે સામાવાળા / આરોપીને પ્રારંભીક તબકકે જ ચેકની રકમ ની ચુકવણી કરવાનો વિકલ્પ રહેશે અને ફરીયાદીને આવી ચુકવણીની પણ જાણ કરવામાં આવશે અને પ્રાપ્તિની પુષ્ટિ થયા પછી, ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ ની કલમ ૧૪૭ અને / અથવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૫૫ હેઠળ આવા નાણાં છોડવા અને કાર્યવાહીને ચક્રવૃધ્ધિ / બંધ કરવા અંગે યોગ્ય આદેશો કોર્ટ દ્વારા કાયદાનુસાર પસાર કરી શકાય છે. આ પગલુ પ્રારંભીક સ્ટેજ પર સમાધાનને પ્રોત્સાહન આપશે અને / અથવા કેસોના ઝડપી નિકાલની ખાતરી કરશે, જો કોઈ પક્ષકાર (આરોપી) ઉપર ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ ની કલમ ૧૩૮ નો ગુન્હો નોંધાયેલ હોય તેવા કિસ્સામાં તે પક્ષકાર (આરોપી) ઉપર ચેક રીટર્નની ફરીયાદ દાખલ થયેલ છે તેમાં જે ચેકની રકમ અત્રેની જિલ્લા અદાલતના બેંક ખાતાના સુરક્ષિત કયુઆરકોડસ અને યુપીઆઈ લીંકસ મા જમા કરાવી તેના કેસની આગળની કાર્યવાહીનો સમાધાનથી અંત લાવી શકે છે જેથી વધુમાં વધુ પક્ષકારો (આરોપી) ને લાભ લેવા જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ સાબરકાંઠાની એક અખબારી યાદીમાં જણાવાયુ છે.

# ધ્રાંગધ્રામાં વેપારી દંપતી પર ધારીયા અને લોખંડના પાઈપ વડે ઘાતક હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રામાં છેલ્લા ૨૦ વર્ષથી બસ સ્ટેશન સામે પાઉંભાજીની લારી ચલાવી ગુજરાન ચલાવતા મૂળ રાજસ્થાનના વેપારી દંપતી પર ચાર શખ્સોએ ઘાતક હુમલો કર્યો છે. મળતી વિગતો મુજબ આ શખ્સો છેલ્લા ચાર વર્ષથી વેપારી પાસેથી ગેરકાયદેસર હપ્તાની ઉઘરાણી કરતા હતા. ગત રોજ જ્યારે વેપારીએ હપ્તો આપવાની મનાઈ કરી, ત્યારે આ અસામાજિક તત્વોએ વેપારીના ઘરે પહોંચી આતંક મચાવ્યો હતો. ચાર શખ્સો પાઉંભાજીના વેપારી મદનલાલ પટેલના રહેણાંક મકાને પહોંચ્યા હતા અને હપ્તાના રૂપિયાની માંગણી કરી હતી. વેપારીએ રૂપિયા આપવાની ના પાડતા ઉશ્કેરાયેલા શખ્સોએ ધારીયા અને લોખંડના પાઈપ જેવા હથિયારો વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં મદનલાલ અને તેમના પત્ની બંનેને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ભોગ બનનાર વેપારીના જણાવ્યા મુજબ તેઓ છેલ્લા ૨૦ વર્ષથી અહીં શાંતિથી વેપાર કરે છે, પરંતુ છેલ્લા ચાર વર્ષથી આ તત્વો દ્વારા હપ્તા માટે તેમને સતત હેરાન કરવામાં આવી રહ્યા હતા.

ઈજાગ્રસ્ત મદનલાલ પટેલે ધ્રાંગધ્રા સીટી પોલીસ સ્ટેશનમાં ચાર શખ્સો વિરુદ્ધ નામજોગ ફરિયાદ નોંધાવી છેઃ ૧. સંજય હરજીભાઈ ચોહાણ, ૨. છત્રપાલસિંહ ઉર્ફે છતુભા, ૩.કેતન ઉર્ફે નકો નવીનભાઈ મકવાણા અને ૪. અંકીત રાવળ.

મામલો બિચકતાં પોલીસે લાઠીચાર્જ કર્યો

# પંચમહાલમાં જમીન કબજા મામલે ખેડૂતો પર પથ્થરમારો

(સંપૂર્ણ સમાચાર સેવા)પંચમહાલ

શહેરા તાલુકાના ડેમલી ગામે જમીન કબજા મામલે ખેડૂતો પર પોલીસની હાજરીમાં જ પથ્થરમારાની ઘટના સામે આવી છે. કડાણા ડેમ જળાશય યોજના નજીક ખેડૂતોની જમીન કેટલાક અસામાજિક તત્વોએ પચાવી પાડતા આ ખેડૂતોને તંત્રએ અન્ય જગ્યાએ જમીનની સોંપણીની કાર્યવાહી શરૂ કર્યા દરમિયાન આ હંગામો સર્જાયો હોવાની વિગતો સામે આવી રહી છે. તંત્ર દ્વારા ચૂસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ખેડૂતોને જમીન કબજો આપવાની કાર્યવાહી શરૂ થતા ગામના જ કેટલાક અજાણ્યા શખ્સોએ પથ્થરમારો કરતા હાલ અફરાતફરીનો માહોલ સર્જાયો છે.

વિગતે વાત કરીએ તો, પંચમહાલ જિલ્લામાં કડાણા ડેમ પર કડાણા જળાશય યોજના નજીક ૫ દાયકા પહેલા કેટલાક ખેડૂતોની જમીનો કેટલાક અસામાજિક તત્વોએ પચાવી પાડી હતી. જે મામલે હાલ સુપ્રીમ કોર્ટ ઑફ ઈન્ડિયામાં કેસ ચાલી રહ્યો છે. આ કેસની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટના આદેશથી તંત્રએ હાલમાં વિગતવાર રિપોર્ટ તૈયાર કરવાની કામગીરી શરૂ કરી હતી. જે અન્વયે જિલ્લા SDM અને કલેકટર દ્વારા નોટિસ પાઠવી અસરગ્રસ્ત ખેડૂતોને બોલાવ્યા હતા.

તંત્રની નોટિસ મળતા અસરગ્રસ્ત ખેડૂતો એક એડવોકેટને સાથે લઈને ડેમલી ગ્રામ પંચાયતે ભેગા થયા હતા. ત્યારે કેટલાક અજાણ્યા લોકોનું ટોળું અચાનક ધસી આવ્યું હતું અને તેઓએ પથ્થરમારો કરી તોડફોડ શરૂ કરી હતી.

સ્થાનિક લોકોના કહેવા મુજબ, આ હુમલાખોરો તલવારો અને લાકડી ધોકા જેવા હથિયારો લઈને આવ્યા હતા અને ભારે હંગામો મચાવ્યો હતો, ત્યારે વળતા જવાબમાં પોલીસે લાઠીચાર્જ શરૂ કર્યો હોવાની વિગતો હાલ સામે આવી રહી છે.વધુમાં, દબાણકર્તાઓના ટોળાએ ચૂસ્ત પોલીસ બંદોબસ્ત હોવા છતાં પથ્થરમારો કરતા કેટલાક ખેડૂતો ઘાયલ થયા છે, સાથે જ આજે જમીન કબજો સુપરત કરવાનો હતો તે ખેડૂત ડામોર અકમાભાઈ લાલાભાઈ લાપતા થયા છે.

ખેડૂતોની ગાડીઓ પર પથ્થરમારો થતા ગાડીમાં તોડફોડ થતાં ભારે નુકસાન થયું હોવાની માહિતી હાલ સામે આવી રહી છે, ત્યારે સમગ્ર મામલાને લઈને અસરગ્રસ્ત ખેડૂતો એક મહિલા એડવોકેટ સાથે ન્યાયની માંગ સાથે પોલીસ સ્ટેશને પહોંચ્યા છે.

હાલ આ અસરગ્રસ્ત ખેડૂતોએ જમીનનો શાંત અને પ્રત્યક્ષ કબજો માંગ્યો છે. સાથે જ આ હંગામાની ઘટના બાદ લાપતા થયેલા ખેડૂત જ્યાં સુધી મળી ન જાય, ત્યાં સુધી આ અન્ય ખેડૂતોએ ઘરે નહીં જવાની જીદ કરી છે, સાથે જ ખેડૂતો સાથે ઊભેલા મહિલા એડવોકેટે આ હુમલો કરનાર શખ્સો સહિત SDM અને કલેકટર વિરુદ્ધ FIR નોંધાવવાની વાત કરી છે. ત્યારે તંત્ર હવે આગામી સમયમાં આ મામલે શું નિર્ણય લે એ જોવું રહ્યું છે.

# સુરતના ખંધા ખાઈ બદેલા બિલ્ડરોના મળતિયા બ્રોકરો ધ્વારા સ્થાનિક તેમજ NRI ખેડૂતો સહિત મિલકત લેનારાઓ સાથે કરાતી છેતરપિંડી

**લિંબાયત તેમજ સેન્ટ્રલ ઝોન વિસ્તારોમાં BUC, ફાયર NOC તેમજ પ્લાન વિરુધ્ધ ઊભી કરાયેલી મિલકતો અને માર્કેટો સસ્પેન્ડેડ કાર્યપાલક ઈજનેર વિપુલ ગણેશવાલાને આભારી**

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરતના વિવિધ વિસ્તારોમાં ઊભા કરાતા પ્રોજેકટો જેવાકે માર્કેટો , ફ્લેટ, દુકાનો, ગોડાઉનો વિગેરે મોટાભાગ ના બિલ્ડરો ધ્વારા ઉભા કરાતા હોય છે. જે ખંધા બિલ્ડરોના પોતાના મળતિયા બ્રોકરો જે બ્રોકરો સ્થાનિક ખેડૂતો સાથે ઘરોબો રાખતા હોય એવા બ્રોકરોને બિલ્ડરો હાથમાં લઈને ખેડૂતોની મોકાની જમીનો યેન કેન પ્રકારે મેળવવા માટે ખેડૂતોનો સંપર્ક કરીને બિલ્ડરો એ બ્રોકરો ધ્વારા ખેડૂતોને વિશ્વાસમાં લઈ બિલ્ડરોની મોટી મોટી વાતો અને વાહવાહી કરાવી મોટા મોટા પ્રોજેકટોની હવા-હવાઈ વાતો કરી એ ખેડૂતની જમીન બિલ્ડરો સાથે બેઠક કરાવી ચોક્કસ રકમમાં વેચાવી દેતા હોય છે. સદર નક્કી કરાયેલી મૂળ રકમના ખેડૂતોને માત્ર ૩૦% કે ૪૦ % આપી બાકી રહેતી ૬૦ % થી ૭૦ % રકમ ૨૪ મહિના થી ૩૬ મહિના ની સમય મર્યાદામાં ચુકવણી કરવાની બ્રોકર ધ્વારા ખેડૂતને વિશ્વાસમાં લઈ નક્કી કરાય છે. અને ખેડૂતો પાસે દસ્તાવેજ તેમજ લેખિત બાંહેધરીની મંજૂરી લઈને લીધેલી ૩૦% થી ૪૦% ની રકમ ની ડાયરી કે કાચી ચિઠ્ઠી બનાવી આપવામાં આવે છે.

સદર જમીન ઉપર બિલ્ડરો ધ્વારા રેસીડેન્સ, માર્કેટ ના પ્લાન, ગોડાઉનો વિગેરેના મોટા મોટા હોર્ડીંગો લગાવવામાં આવે છે. પછી બ્રોકરોના માધ્યમથી ઉપરોક્ત ફ્લેટો, રેસીડેન્સ, ગોડાઉનો, માર્કેટોમાં બનતી દુકાનોના બૂકિંગ માટે ફરી પાછા માનીતા બ્રોકરો ધ્વારા ગ્રાહકો શોધીને વેંચાણ કરાતું હોય છે. જેમાં પણ નક્કી કરાયેલી મૂળ રકમના ૩૦% થી ૩૫% બિલ્ડરો લઈને સોદા ચિઠ્ઠી કે કાચી ડાયરી ગ્રાહકોને બનાવી આપે છે અને સમય મર્યાદામાં ગ્રાહકે પસંદ કરેલ દુકાન, ગોડાઉન,ફ્લેટ, આપવાની લોભામણી વાતો કરાતી હોય છે. છતાં એ પ્રોજેકટો ૧૦ થી ૧૨ વર્ષ વિત્યા હોવા છતાં બિલ્ડરો પૂરા કરતા નથી હોતા આવા ઘણા પ્રોજેકટો ધૂળ ખાતા આજે પણ સારોલી, લિંબાયત ઝોન, સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં પડેલા છે. જે પ્રોજેકટો પુરા નહીં થતાં હોવાને કારણે બુકિંગ કરાવનારા ગ્રાહકો કે જમીન વેચનારા ખેડૂતો બ્રોકરો પાસે બાકી રકમ અંગે ઉઘરાણી કરે છે ત્યારે બ્રોકરો હાથ ઉંચા કરે છે તેમજ ખેડૂતો અને ગ્રાહકોને જણાવે છે કે તમને બિલ્ડર ધ્વારા ડાયરી કે કાચી ચિઠ્ઠી બનાવી આપી છે એટલે તમે સીધો બિલ્ડરનો સંપર્ક કરો.

આખરે હતાશ થયેલા ખેડૂતો હિંમત કરીને બિલ્ડરોની ઓફિસે જાય છે ત્યારે ત્યાં બેઠેલા બિલ્ડરોના અસામાજિકતત્વો ખેડૂતો અને ગ્રાહકો સાથે દાદાગીરી કરવા સાથે ગાળા-ગાળી કરીને તમારાથી જે થાય તે કરી લો, પોલીસમાં જવું હોય તો પોલીસમાં જાઓ. આવી ખુલ્લી ધમકી બિલ્ડરો અને તેમના અસામાજિક તત્વો ધ્વારા આપવામાં આવે છે. કારણકે તેઓ સ્થાનિક પોલીસ સાથે મિલીભગત હોય છે. જેનાથી બાકી રકમની ઉઘરાણી કરવા જતાં ખેડૂતો અથવા તો દુકાન, મકાન, ફ્લેટ લેનાર ગ્રાહકો બિલ્ડરોના મળતિયા બ્રોકરો ઉપર વિશ્વાસ રાખી બિલ્ડરની જાળમાં ફસાય છે. જેમાં પૂણા કુંભારિયા, સારોલી, ગોડાદરા ના મૂળ રહેવાસીઓ અને NRI ખેડૂતો હોય છે. જે એનઆરઆઈ ખેડૂતો પોતાના વતનમા ૩૦-૪૫ દિવસ માટે આવતા હોય છે. અને બિલ્ડરો પાસે પોતાની ૬૦% થી ૭૦% જમીનની બાકી રકમની ઉઘરાણી કરતા હોય છે ત્યારે બિલ્ડરો ધ્વારા દૂરના જાણીતા પર્યટન સ્થળો ઉપર પોતાની ગાડીઓ ધ્વારા બધી જાતની સુખ સુવિધા આપી એમને વિદેશ જવાના સમય સુધી ફેરવતા રાખતા હોય છે. જેના થી વિદેશ જવાનો સમય પૂરો થતાં NRI ખેડૂત બિલ્ડર સાથે કોઈ જાતની મગજમારી કે માથાઝીંક કરતા નથી. કારણ NRI હોવાથી એમને પોલીસ ના લફરા પોસાય નહીં.

આ રીતે બિલ્ડરો, ખેડૂતો સાથે જમીનોમાં અને પ્રોજેકટો ઉભા કરી બુકિંગ કરી ગ્રાહકો સાથે તેમજ દસ્તાવેજો અને ખેડૂતોની લેખિત મંજૂરીના આધારે બેંકોમાંથી પણ કરોડોની લોન લઈને પ્રોજેકટો પૂરા કરતા હોતા નથી. આના કારણે જે લોકોએ ગોડાઉન, ફ્લેટ કે દુકાનોમાં રોકાણ કર્યું હોય એવા લોકો બિચારા આર્થિક મુશ્કેલીમાં મુકાઈ જતાં હોય છે અને એમને ત્યાં લગ્ન કે મરણ પ્રસંગ કે અન્ય કોઈ પ્રસંગ આવે ત્યારે પોતાના જર જવેરાત જેવા દાગીના અથવા તો અન્ય કોઈ મિલકત હોય તો તે વેચવાનો વારો આવે છે. આવા ઘણા પ્રોજેકટો જેવા લિંબાયત ઝોન, સેન્ટ્રલ ઝોનમાં ગેરકાયદે ઊભી કરાયેલી માર્કેટોમાં BUC, રજા ચિઠ્ઠી, ફાયર NOC વિગેરે ૧૦ થી ૧૨ વર્ષ થયા છતાં લેવામાં આવી નથી. ઉપરાંત એમાં બુક કરાવનાર ગ્રાહકોને હજુ કબજા મળ્યા નથી. આવા પ્રોજેકટો સમય મર્યાદામાં પૂરા કરવા પડતાં હોય છે. છતાં ખંધા બિલ્ડરો સમય મર્યાદામાં પ્રોજેકટો પૂરા નહીં કરતા હોવાથી ગ્રાહકોને પણ બુક કરાવેલ દુકાન, ફ્લેટ, ગોડાઉન મળી શકતા નથી. અને SMC ધ્વારા બિલ્ડરોને નોટિસો આપવામાં આવી હોવા છતાં બિલ્ડરોના આર્કિટેક એંજિનિયરો નોટિસોને ઘોળી ને પી જાય છે.

જેના કારણે ભૂતકાળમાં રઘુકુળ માર્કેટ, શ્રીરામ માર્કેટ, મિલેનિયમ માર્કેટ, ઓર્ચિડ માર્કેટ, શિવશક્તિ માર્કેટ અને રઘુવીર માર્કેટ જેવી માર્કેટોમાં આગના બનાવો બનેલા છે. જે માર્કેટોમાં પણ ફાયર કે BUC સર્ટિફિકેટો ના હોવાનું પણ બહાર આવ્યું હતું. જે સસ્પેન્ડેડ કાર્યપાલક ઈજનેર વિપુલ ગણેશવાલા ને આભારી છે. સદર બનેલી માર્કેટોની સાથે સાથે અન્ય માર્કેટોમાં પણ જે રીતે અગાસી ઉપર પતરાના ગેરકાયદે ડોમ તેમજ અન્ડર ગ્રાઉન્ડ ગોડાઉનો બનાવવામાં આવ્યા છે એના કારણે ગોડાઉનોમાં રહેલા સિલ્ક કાપડના પોટલાં કે પાર્સલ સામાન્ય શોર્ટ સર્કિટને કારણે પણ પેટ્રોલ ની માફક સળગી ઊઠે છે જેનાથી પણ મોટું નુકશાન થતું હોય છે.

આમ શહેરમાં ખંધા ખાઈ બદેલા બિલ્ડરોથી હવે ડરવાની કોઈ જરૂર નથી. કારણકે વિકાસ ગ્રાહક સુરક્ષા અને સંશોધન કેન્દ્રના દક્ષિણ ગુજરાતના પ્રમુખ છગનલાલ દોલતરામ મેવાડા એ એક યાદીમાં જણાવ્યુ છે કે જે ખેડૂતોએ બિલ્ડરોને જમીન વેંચી હોય અને જેમના પેમેન્ટ બાકી હોય તેમજ જે ગ્રાહકોએ દુકાનો, ફ્લેટો કે ગોડાઉનો બુક કરાવી હોય અને એ જો એમને ના મળી હોય તો એવા ગ્રાહકો કે ખેડૂતોએ વિકાસ ગ્રાહક સુરક્ષા અને સંશોધન કેન્દ્ર ની ઓફિસ G-06 ન્યુ ઓપેરા હાઉસ, બમરોલી રોડ,કિરણ મોટર્સ ની બાજુમાં ખટોદરા સુરત ખાતે સંપર્ક કરવો. જ્યાં નીડર ,નિષ્પક્ષ, તટસ્થતા પૂર્વક ન્યાય અપાવવા પ્રયત્ન કરવામાં આવશે.

આ સંસ્થા ધ્વારા સ્થાનિક કોર્ટ, વડી અદાલત અને સુપ્રીમ કોર્ટ સુધી ન્યાય ના હિતમા સેવા આપવામાં આવશે.

તહેવાર એ જ છે, પરંતુ રંગ નવો છે, આ ''કટ્ટર ઈમાનદારી''નો રંગ છે, અને ફીકો પડવો તેની ફિતરત નથી : મનિષ સિસોદિયા

# અરવિંદ કેજરીવાલ અને મનિષ સિસોદીયાએ 'આપ' કાર્યકરો સાથે ''કટ્ટર ઈમાનદાર'' હોળી ઉજવી

**એમના ષડયંત્ર અને જુઠ્ઠાણા વચ્ચે પણ 'આપ'ના રંગ ફીકા પડ્યા નથીઃ અમારી શક્તિ ઈમાનદારી અને જનતાનો વિશ્વાસ છે : અરવિંદ કેજરીવાલ**





આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે બુધવારે પાર્ટી કાર્યકરો સાથે ઉમંગભેર હોળી ઉજવી. 'આપ'ના પંજાબ પ્રભારી અને દિલ્હીના ભૂતપૂર્વ ઉપમુખ્યમંત્રી મનિષ સિસોદીયાના નિવાસસ્થાને હોળી મિલન સમારોહ યોજાયો હતો. કથિત દારૂ કૌભાંડ કેસમાં આરોપમુક્ત થવાની ખુશી તમામ નેતાઓના ચહેરા પર સ્પષ્ટ દેખાઈ રહી હતી. સૌએ એકબીજાને અબીલ-ગુલાલ અને ગળે મળી હોળી પર્વની શુભેચ્છાઓ પાઠવી, સાથે જ કોર્ટમાં ''કટ્ટર ઈમાનદાર'' સાબિત થવા બદલ અભિનંદન આપ્યા. આ પ્રસંગે અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે અમે મનીષ સિસોદિયાના નિવાસસ્થાને પાર્ટીના તમામ સાથીઓ અને કાર્યકરો સાથે ''કટ્ટર ઈમાનદાર'' હોળી ઉજવી. સત્ય અને સંઘર્ષના રંગો સાથે અમે આવનારા સમયમાં પણ આ રીતે જ આગળ વધતા રહીશું.

અરવિંદ કેજરીવાલે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે રંગોનો તહેવાર હોળી દરેકના જીવનમાં ખુશીઓના અનેક રંગો લઈને આવે, દરેક પરિવારને સુખ-શાંતિ અને સમૃદ્ધિ આપે અને સૌને ખૂબ આનંદિત રાખે. તેમણે જણાવ્યું કે આમ આદમી પાર્ટી અને તેના સમગ્ર નેતૃત્વ સાથે મોટો અન્યાય કરવામાં આવ્યો હતો અને એક ષડ્યંત્ર રચાયું હતું. હવે કોર્ટ દ્વારા સાબિત થઈ ગયું છે કે આમ આદમી પાર્ટી એક કટ્ટર ઈમાનદાર પાર્ટી છે અને પાર્ટીના તમામ નેતાઓ કટ્ટર ઈમાનદાર છે. અરવિંદ કેજરીવાલે વધુમાં જણાવ્યું કે ખૂબ દુઃખની વાત છે કે ભારતીય જનતા પાર્ટીએ હોળીના અવસરે સમગ્ર દિલ્હીમાં દારૂની દુકાનો ખુલ્લી રાખી છે. વર્ષોથી તહેવારોના પ્રસંગે દારૂની દુકાનો બંધ રાખવાની પરંપરા રહી છે, જેથી લોકો દારૂ પીને હુલ્લડ ન મચાવે. તેમણે કહ્યું કે હોળીના દિવસે, જ્યારે અગાઉના વર્ષોમાં દુકાનો બંધ રહેતી હતી, ત્યારે ભાજપ સરકાર દ્વારા દારૂની દુકાનો ખુલ્લી રાખવાનો નિર્ણય અત્યંત ખોટો છે. અરવિંદ કેજરીવાલે 'એક્સ' પર દિલ્હી સહિત દેશના તમામ નાગરિકોને હોળીના પાવન પર્વની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી. તેમણે જણાવ્યું કે રંગોનો આ તહેવાર તમારા જીવનમાં ખુશીઓ, પ્રેમ અને નવી ઊર્જા ભરી દે. આપ સૌનું જીવન સુખ, શાંતિ અને સમૃદ્ધિથી પરિપૂર્ણ બને. તેમણે આગળ લખ્યું કે એ લોકોના ષડયંત્ર અને ખોટા આરોપો વચ્ચે પણ આમ આદમી પાર્ટીના રંગ ફીકા પડ્યા નથી, કારણ કે અમારી શક્તિ ઈમાનદારી અને જનતાનો વિશ્વાસ છે.

'આપ'ના પંજાબ પ્રભારી અને દિલ્હીના ભૂતપૂર્વ ઉપમુખ્યમંત્રી મનિષ સિસોદીયાએ પણ સૌને હોળીના પાવન પર્વની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી. તેમણે જણાવ્યું કે તહેવાર એ જ છે, પરંતુ રંગ નવો છે. આ ''કટ્ટર ઈમાનદારી''નો રંગ છે અને ફીકો પડવો તેની ફિતરત નથી. આ વખતની હોળીની ઉજવણીમાં ફક્ત લાલ-પીળો-લીલો રંગ જ નહોતો, પરંતુ ''કટ્ટર ઈમાનદારી''નો રંગ પણ હવામાં ભળ્યો હતો. કારણ કે કેટલાક રંગ ચહેરા સજાવે છે અને કેટલાક ઈતિહાસ લખે છે. ચહેરાનો રંગ સાંજ સુધી ઉતરી જાય છે, પરંતુ ઈમાનદારીનો રંગ આવનારી પેઢીઓ સુધી દેખાતો રહેશે. આપ સૌને હોળીની સાચી, સરળ અને થોડી બેબાક શુભેચ્છાઓ.

આમ આદમી પાર્ટીના દિલ્હી પ્રદેશ અધ્યક્ષ સૌરભ ભારદ્વાજે જણાવ્યું કે છેલ્લા લગભગ ત્રણ વર્ષથી પાર્ટીના કાર્યકરો આ રીતે હોળી ઉજવી શક્યા નહોતા. પ્રથમ વર્ષે હોળીના સમયે મનિષ સિસોદીયા જેલમાં હતા, કારણ કે તેમની ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ ધરપકડ કરવામાં આવી હતી. તેથી ૨૦૨૩માં પાર્ટીએ હોળી ઉજવી નહોતી. ૨૦૨૪માં અરવિંદ કેજરીવાલની ધરપકડ થઈ હતી, તેથી તે વર્ષે પણ હોળી ઉજવાઈ નહોતી. ૨૦૨૫માં છેતરપિંડી, કપટ, પૈસા અને મતચોરીના આરોપો વચ્ચે ભારતીય જનતા પાર્ટીએ દિલ્હીમાં આમ આદમી પાર્ટીને હરાવી હતી, તેથી ૨૦૨૫માં પણ પાર્ટી કેડરે વિશેષ રીતે હોળી ઉજવી નહોતી. સૌરભ ભારદ્વાજે વધુમાં જણાવ્યું હતું કે ત્રણ વર્ષ બાદ પાર્ટીમાં કેડર, કાર્યકરો અને નેતાઓ માટે ખુશીનો અવસર આવ્યો છે.

ભાજપ સરકાર દ્વારા દારૂ અને આબકારી મામલે લગાવવામાં આવેલા ખોટા આરોપો અને રચાયેલા ષડ્યંત્રનો ભાંડાફોડ થયો છે અને અમારા તમામ નેતાઓ નિર્દોષ સાબિત થયા છે. તેમણે જણાવ્યું કે આજનો દિવસ અમારે માટે ખૂબ આનંદનો છે. અમે અરવિંદ કેજરીવાલ, મનિષ સિસોદીયા અને પાર્ટીના તમામ નેતાઓ સાથે મળીને હોળી ઉજવી રહ્યા છીએ. અંતમાં તેમણે સમગ્ર દિલ્હીના નાગરિકોને હોળીની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી.

# ભારત દેશમાં સીએનજીના ભાવ વધી શકે છેઃ કતારમાં એલએનજી ઉત્પાદન બંધ

**ધીરે ધીરે ભારતમાં હવે ઈંધણ સંકટ વધુ ઘેરૂ બની શકે છે : જો યુદ્ધ લાંબુ ચાલે તો દેશમાં સીએનજીના ભાવ વધી શકે છે**

પ્રતિનિધિ,ગાંધીનગર

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે કતારે તેના પાવર પ્લાન્ટસ પર હુમલા બાદ લિકિવફાઈડ નેચરલ ગેસ (એલએનજી) ઉત્પાદન બંધ કરી દીધુ છે. જેનાથી ભારતમાં પુરવઠા પર અસર પડી છે અને મુખ્ય સ્થાનિક ક્ષેત્રો માટે ઈંધણની ઉપલબ્ધતામાં કટોકટી ઉભી થઈ છે. ભારત તેની ગેસ જરૂરીયાતોના મોટા ભાગ માટે કતાર સાથે લાંબા ગાળાના એલએનજી કરારો પર આધાર રાખે છે. કતાર થી શિપમેન્ટમાં કામચલાઉ રોક ને કારણે ઔદ્યોગિક ગ્રાહકો અને શહેર ગેસ વિતરણ (સીજીડી) કંપનીઓ માટે પુરવઠામાં ૪૦ ટકા સુધીનો ઘટાડો થયો છે. જયારે કેટલાક ઔદ્યોગિક એકમો વૈકલ્પિક ઈંધણ તરફ સ્વિચ કરી શકે છે, ત્યારે સીએનજી વેચતા શહેર ગેસ ક્ષેત્રે ગંભીર કટોકટીની ચેતવણી આપી છે. સીજીડી કંપનીઓ કહે છે કે કતાર ના સસ્તા ગેસને બદલે બમણી કિંમતે એલએનજી ખરીદવાથી સીએનજીનો ભાવ લાભ ખતમ થઈ જશે. જેના કારણે ગ્રાહકોને કાયમી ધોરણે ઈલેક્ટ્રીક વાહનો તરફ સ્વિચ કરવાની ફરજ પડશે. ભારતની સૌથી મોટી એલએનજી આયાતકાર કંપની, પેટ્રોનેટ એલએનજી લીમીટેડ કતાર મોકલવામાં અસમર્થ છે. આનુ મુખ્યકારણ હોર્મુઝ સ્ટેટનુ નજીકનુ બંધ




થવુ છે. કતાર સહિત મોટાભાગના પશ્ચિમ એશિયાઈ દેશો આ સાંકડા દરીયાઈ માર્ગ દ્વારા તેમના તેલ અને ગેસ ની નિકાસ કરે છે, વધુમાં ઈરાન દ્વારા વિશ્વના સૌથી મોટા નિકાસ કેન્દ્ર (કતાર સ્થિત) પર ડ્રોન હુમલામાં નિશાન બનાવ્યા બાદ ઉત્પાદન સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યુ છે. પેટ્રોનેટે સ્ટોક એકસચેન્જને પણ જાણ કરી કે તેણે કતારની કંપની કતાર એનર્જીને શિપિંગ કરવામાં અસમર્થતાને કારણે ફોર્સ મેજયુર નોટીસ જારી કરી છે. તેના જવાબમાં કતાર એનર્જીએ પણ પેટ્રોનેટ ને ફોર્સ મેજયુર નોટીસ મોકલી છે. જેમાં પ્રદેશમાં ચાલી રહેલી દુશ્મનાવટને કારણે સપ્લાય કરવામાં અસમર્થતાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

પેટ્રોનેટના જણાવ્યા મુજબ ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે જહાજો હોર્મુઝ સ્ટ્રેટ માં થી સુરક્ષિત રીતે પસાર થઈ શકતા નથી અને કતારના લોડીંગ પોર્ટ, રાસ લાફાન સુધી પહોચી શકતા નથી, સુરક્ષા પરીસ્થિતિ અને દરીયાઈ નેવીગેશન જોખમોને ધ્યાનમાં રાખીને પેટ્રોનેટે તેના ૩ એલએનજી ટેન્કર, દિશા, રાહી અને અસીમ અંગે આ નોટીસ જારી કરી છે. પેટ્રોનેટે તેમાંથી ગેસ ખરીદતી કંપનીઓ (જીએઆઈએલ, આઈઓસી અને બીપીસીએલ ) ને પણ સુચિત કરી છે. ભારત ૨૭ મીલીયન ટન એલએનજી ની આયાત કરે છે, ભારત વાર્ષિક ૨૭ મીલીયન ટન એલએનજીની આયાત કર છે, જેમાંથી ૪૦ ટકા ફકત કતાર થી આવે છે, પુરવઠા કાપ થી ચિંતિત સીજીડી એન્ટિટીઝ ના એસોસીએશન (એસીઈ) એ સરકારી ગેસ કંપની જીએઆઈએલ ને પત્ર લખીને ઘરેલુ ગેસ અને એલએનજી ની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા વિનંતી કરી છે. એસોસીએશને જણાવ્યુ હતુ કે ઓછી કિંમતના ગેસ પુરવઠામાં ૬૦ ટકાનો ઘટાડો અને બજાર આધારીત પુરવઠાની સંપૂર્ણ ગેરહાજરી સીએનજી અને પાઈપ્ડ રસોઈ ગેસ (પીએનજી) ના વિતરણ પર પ્રતિકુળ અસર કરશે. તેઓએ કટોકટીના આ સમયમાં સરકાર પાસેથી સ્પષ્ટ માર્ગદર્શન અને સમર્થન માગ્યુ છે.

કતાર એનર્જીએ એક નિવેદન માં પુષ્ટિ આપી હતી કે રાસ, લાફાન અને મેસૈદ ઔદ્યોગિક શહેરોમાં તેના ઓપરેશન કેન્દ્રો પર લશ્કરી હુમલાઓને કારણે ઉત્પાદન બંધ કરવામાં આવ્યુ છે.

અહેવાલો અનુસાર સંઘર્ષને કારણે હોર્મુઝ સ્ટ્રેટ માં થી પસાર થતા જહાજોની સંખ્યામાં તીવ્ર ઘટાડો થયો છે. જેના કારણે વૈશ્વિક ઉર્જા પ્રવાહ પર અસર પડી છે. આ માર્ગ ભારત માટે મહત્વપૂર્ણ છે. કારણ કે દેશની કુલ ક્રુડ ઓઈલ આયાતનો આશરે ૫૦ ટકા અને એલએનજી પુરવઠાનો ૫૪ ટકા આ માર્ગ પર થાય છે.

હાલમાં જીએઆઈએલ અને આઈઓસી વૈકલ્પિક બજારોમાંથી ગેસ ખરીદવાનો પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ ત્યાં કિંમતો કરાર દર કરતા લગભગ બમણી થઈ ગઈ છે.

કપાસની ખરીદીમાં ભાજપના મળતીયાઓ કૌભાંડ કરે છેઃ પ્રવીણ રામ AAP

# AAPની ''પરિવર્તન લાવો કિસાન બચાવો યાત્રા'' અંતર્ગત સુરેન્દ્રનગર અને ચોટીલા જિલ્લામાં સભા યોજાઈ

**ખેડૂતો માટે અવાજ ઉઠાવીએ તો ભાજપ અમને જેલમાં નાંખે છેઃ પ્રવીણ રામ AAP**








અમદાવાદ/સુરેન્દ્રનગર/રાજકોટ

આજે આમ આદમી પાર્ટીની ''પરિવર્તન લાવો કિસાન બચાવો યાત્રા'' અંતર્ગત ચરાડવા, સુરેન્દ્રનગર અને ચોટીલા ખાતે જનસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જનસભામાં આમ આદમી પાર્ટીના ખેડૂત નેતા અને ફ્રન્ટલ સંગઠન પ્રદેશ અધ્યક્ષ પ્રવિણ રામ, પ્રદેશ યુવા પ્રમુખ બ્રિજરાજ સોલંકી તથા AAP નેતા રમેશ મેર સહિત મોટી સંખ્યામાં આમ આદમી પાર્ટીના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે આ સભામાં ખૂબ જ મોટી સંખ્યામાં ખેડૂતો, યુવાનો, મહિલાઓ સહિત તમામ જાતિ-ધર્મ અને વર્ગના લોકો જોડાયા હતા. આ સભામાં આમ આદમી પાર્ટીના ખેડૂત નેતા પ્રવીણ રામે ખેડૂતો સમક્ષ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ભગવાન સોમનાથના ચરણોમાં શીશ ઝુકાવીને અને તેમના દર્શન કરીને આ યાત્રાની શરૂઆત કરવામાં આવી હતી અને ઘેલા સોમનાથના દર્શન કરીને આ યાત્રાનું પહેલું ચરણ પૂરું કરવામાં આવ્યું હતું. આજથી બીજા ચરણની શરૂઆત કરવામાં આવી હતી. ખેડૂતોના અનેક પ્રશ્નો મુદ્દે અમે વર્ષોથી લડી રહ્યા છીએ. પરંતુ અમે ખેડૂતોના મુદ્દે લડત લડીએ તો અમને જેલમાં નાખવામાં આવે છે. અમે કડદો બંધ કરાવવા માટે અવાજ ઉઠાવ્યો અને કડદો બંધ કરવાની જગ્યાએ અમને બધાને ઉઠાવીને જેલમાં નાખી દેવામાં આવ્યા. આટલું ઓછું હોય તેમ ખેડૂતો પર લાઠીચાર્જ કરવામાં આવ્યો અને ખેડૂતોને ઘરમાં ઘૂસીને મારવામાં આવ્યા. આ વિસ્તારમાં ખેડૂતો કપાસ ઉગાડે છે અને કપાસનું જે CCI બોર્ડ એ પહેલા પાકને ખરીદતું નથી પરંતુ ભાજપના મળતીયાઓ પહેલા કપાસ ૧૨૦૦-૧૩૦૦માં ખરીદે છે. અને થોડા મહિના બાદ એમાં ૩૦૦-૪૦૦ રૂપિયાનો વધારો કરીને બીજી કોઈ મહેનત કર્યા વગર કપાસ સીસીઆઈ બોર્ડને વેચી દે છે. હકીકતમાં આ એક મોટું કૌભાંડ છે. આ વિસ્તારમાં હાઈટેન્શન લાઇન, ગટર વ્યવસ્થા સહિત અનેક પ્રશ્નો છે પરંતુ એમાં બીજેપીને રસ નથી. ખેડૂતોની આવક બમણી કરવાના વાયદાઓ ભાજપના લોકોએ આપ્યા પરંતુ આજે ખેડૂતોની આવક બમણી થઈ નહીં પરંતુ ભાજપના લોકોને આવક ૨૦ ગણી થઈ ગઈ.

આ સભામાં આમ આદમી પાર્ટીના પ્રદેશ યુવા પ્રમુખ બ્રિજરાજ સોલંકીએ પોતાનું વક્તવ્ય આપતા જણાવ્યું હતું કે, જિલ્લા પંચાયત-તાલુકા પંચાયત ચૂંટણી આવી રહી છે, એમાં આપણે તમામ લોકોએ સાથે મળીને ભાજપને જડબાતોડ જવાબ આપવાનો છે. કારણ કે ભાજપે ક્યારેય પણ ખેડૂતોના હકની, યુવાનોના હકની અને મહિલાઓની સુરક્ષાની વાત નથી કરી. જ્યારે પણ ચૂંટણી આવે ત્યારે આ દેશના ભ્રષ્ટ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપણને ભ્રમિત કરવા માટે આપણને હિન્દુ-મુસલમાનમાં ઉલજાવી દીધા છે. હું આજે જાહેર મંચ પરથી કહેવા માગું છું કે બ્રિજરાજ સોલંકી નરેન્દ્ર મોદીને ક્યારેય પણ હિન્દુ નથી માનતા. હું વડાપ્રધાન નરેન્દ્ર મોદીને હિન્દુ ત્યારે માનીશ જયારે આ દેશમાંથી ગૌહત્યા બંધ થશે. જે કંપની ગૌમાતાની હત્યા કરીને બીફ એક્સપોર્ટ કરે છે, તેની પાસેથી ભાજપ ચૂંટણી ફંડ લેવાનું કામ કરે છે. તો શું આવા લોકોને હિન્દુ કહેવાય? શું આવા લોકોને વોટ અપાય? આપણા બાળકોના ભવિષ્ય માટે અને ખેડૂતોના હક અધિકાર માટે સમગ્ર આમ આદમી પાર્ટીની ટીમ મોતને પોતાની મુઠ્ઠીમાં લઈને ફરે છે. આજે અમે અહીંયા આપના આશીર્વાદ અને આપનું સમર્થન લેવા માટે આવ્યા છીએ. તો આપ તમામ લોકોએ પ્રવીણભાઈને અને આમ આદમી પાર્ટીને ખાતરી અપાવવાની છે કે આપ તમામ લોકો અમારી સાથે લડશો અને જીતશો.

# ગાંધીનગર મનપા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત સેકટર ૧૩ ખાતે ઓનલાઈન રજીસ્ટ્રેશન કેમ્પનુ સફળ આયોજન

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત વિવિધ સ્કીમોમાં મહત્તમ લાભાર્થીઓ સરળતાથી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકે તેવા ઉમદા હેતુથી શહેરના વિવિધ વિસ્તારોમાં સતત કેમ્પનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે.

આ અભિયાનના ભાગરૂપે સેકટર ૧૩ સ્થિત શ્રી જ્ઞાનગંગા હોસ્ટેલ ખાતે બે દિવસીય રજીસ્ટ્રેશન કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ હતું. આ કેમ્પમાં નાગરીકોનો બહોળો પ્રતિસાદ જોવા મળ્યો હતો. જેમાં અંદાજીત ૫૦૦ જેટલા અરજદારોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની નોંધણી કરાવી હતી. પ્રધાનમંત્રી આવાસ યોજના ૨.૦ ને વધુ વેગવંતુ બનાવવા અને સ્થાનિકોને પ્રોત્સાહિત કરવા માટે આ કેમ્પમાં ગાંધીનગરના મેયર મીરાબેન પટેલ, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન ગૌરાંગભાઈ વ્યાસ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત વોર્ડ નં.૬ ના કાઉન્સિલરો ભાવનાબા ગોલ, પ્રેમલત્તાબેન મહેરીયા તેમજ અન્ય મહાનુભાવોએ હાજરી આપી હતી. ઉપસ્થિત મહાનુભાવોએ કેમ્પની મુલાકાત લઈ ઓનલાઈન રજીસ્ટ્રેશનની કામગીરીની પ્રત્યક્ષ ચકાસણી કરી હતી અને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડયુ હતું. મહાનગરપાલિકાના આ પ્રયાસનો મુખ્ય ઉદેશ એ છે કે શહેરનો કોઈ પણ પાત્રતા ધરાવતો મધ્યમ કે ગરીબ વર્ગ નો પરીવાર આવાસ સહાયથી વંચિત ન રહી જાય.

વીડિયો વાયરલ થતાં જ એસટી તંત્ર હરકતમાં આવ્યું

# ચાલુ બસે મોબાઈલ પર વાત કરવી ભારે પડી, એસટી ડ્રાઈવર સસ્પેન્ડ

(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ

મુસાફરોની સુરક્ષા સાથે ચેડાં કરનારા કર્મચારીઓ સામે ગુજરાત એસટી નિગમે લાલ આંખ કરી છે. જૂનાગઢ-વિસાવદર રૂટ પર ચાલુ બસે મોબાઈલ ફોન પર વાતચીત કરી રહેલા ડ્રાઈવરનો વીડિયો વાયરલ થયા બાદ, વિભાગીય નિયામક દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. ફરજમાં ગંભીર બેદરકારી બદલ ડ્રાઈવર દિલીપ કોટીલાને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.ઘટનાની મળતી માહિતી અનુસાર, બે દિવસ પહેલા જૂનાગઢથી વિસાવદર જતી એસટી બસમાં ડ્રાઈવર દિલીપ કોટીલા બસ ચલાવતી વખતે સતત મોબાઈલ ફોન પર વ્યસ્ત હતા. એક તરફ રસ્તો અને બીજી તરફ મોબાઈલમાં વાતચીત, ડ્રાઈવરની આ જોખમી હરકત જોઈને બસમાં બેઠેલા મુસાફરોમાં ફફડાટ ફેલાયો હતો. કોઈ જાગૃત મુસાફરે આ સમગ્ર ઘટનાનો વીડિયો કેમેરામાં કેદ કરી લીધો હતો, જે સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.

વીડિયો વાયરલ થતાં જ એસટી તંત્ર હરકતમાં આવ્યું હતું. જૂનાગઢ વિભાગીય નિયામકે આ બાબતને ગંભીરતાથી લઈ તપાસના આદેશ આપ્યા હતા. પ્રાથમિક તપાસમાં ડ્રાઈવરની બેદરકારી સ્પષ્ટપણે જણાતા, મુસાફરોના જીવ જોખમમાં મૂકવા બદલ દિલીપ કોટીલાને સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. એસટી વિભાગ દ્વારા આ કાર્યવાહી દ્વારા અન્ય ડ્રાઈવરોને પણ કડક સંદેશ આપવામાં આવ્યો છે કે, ચાલુ બસે મોબાઈલનો ઉપયોગ કે ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન સાંખી લેવામાં આવશે નહીં.